મુક્તિ માર્ગના

નાના-મોટા સહુ સાધકોના જીવનમાં

પ્રકાશ પાથરતું

# મુક્તિકૃપા

વર્ષ ૩૩

અંક ૪

ઓગષ્ટ ૨૦૨૫

**દિવ્ય કૃપા :**
**સ્વ. પ.પૂ. અચલગચ્છાધિપતિ આ.દે.**
**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. તથા**
**નવકારમંત્રના આરાધક બા.બ્ર.પ.પૂ.સા.**



**શ્રી મુક્તિશ્રીજી મ.સા.**


**શુભાશિષ :**
**વર્તમાન અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન**
**પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**પ્રેરણા - માર્ગદર્શન :**



**પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.**

**પ્રકાશક :**
**શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ-હુબલી**
**મેનેજીંગ ટ્રસ્ટી :**
**શ્રી પ્રજેશભાઇ વિરચંદભાઇ નારાણજી**



**સંસ્થાપક :**
સ્વ. વિરચંદભાઇ નારાણજી કાનજી

**આદ્ય સંપાદિકા :**
**સ્વ. ઇન્દિરાબેન જયંતીલાલ વિકમશી**
**B.com(Hons.) FGA (Lon) F.F.I.S.E.M.**
**માનદ્ સંપાદિકા :**
**શિલ્પાબેન અજાણી**
**(B.com, D.G., F.G.A. (Lon), F.F.I.G.)**

# મુક્તિ કૃપા

**સળંગ અંક ૧૩૨**

**વર્ષ ૩૩** **અંક ૪**

## વિષયાનુક્રમ

૧. અર્હતની આંગળીયે...શિલ્પાબેન અજાણી...૦૧
૨. દુર્ધ્યાનથી સદ્ધ્યાન તરફ................૦૫
૩. વૈરાગ્ય શતક.............................૧૩
૪. આદેશ્વર અલબેલો રે....................૧૯
૫. અષ્ટોતર શતકુટ.........................૨૧
૬. જયલક્ષ્મી બાગ...........................૨૨
૭. શોધી લે જીવનનો સાર..................૨૭
૮. CHILDREN'S CORNER..............૩૧
૯. જ્ઞાન સુધારસ પીજે........................૩૪
૧૦. ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા...................૩૭



**પ્રેરણા - માર્ગદર્શન**
ખાનદેશરત્ના પ.પૂ. ડો. સાધ્વી
શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.
સંકલન -
સા. શ્રી હિમાંશુશ્રીજી મ.સા.

## અગત્યની સુચના :
## સહુ વાંચકો માટે : સહુ લેખકો માટે

**જય જિનેન્દ્ર સહ સહુ વાંચકોને જણાવવાનું કે તમને તમારી કોઇ પણ કૃતિઓ ''મુક્તિ કૃપા''માં છપાવવી હોય તો તે કૃતિઓ સીધી પ્રેસ ઉપર મોકલવી નહીં. પ્રેસ ઉપર મોકલવામાં આવતી કોઇ કૃતિનો સમાવેશ મુક્તિ-કૃપામાં કરવામાં આવશે નહીં. તમારે તમારી કૃતિઓ ''મુક્તિ-કૃપા'' ના હુબલી સ્થિત મુખ્ય કાર્યાલયમાં નીચેના સરનામે મોકલવાની રહેશે. તમારી કૃતિઓ યોગ્ય લાગશે તો જ ''મુક્તિ-કૃપા''માં છાપવામાં આવશે. ન છપાયેલ કૃતિઓ પાછી મોકલવામાં આવશે નહીં.**

**લિ. શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ**

2ND FLOOR, BUILDING NO 2,
ENKAY COMPLEX, KESHWAPUR,
**HUBBALLI - 5800 23.**
(KARNATAKA STATE) Mo. 9448350125

## શ્રુત રત્ન

૧. નરશી જેઠાભાઇ દંડ — વરાડીયા- મલકાપુર
૨. વીરચંદ નારાણજી કાનજી — નલીયા-હુબલી
૩. સ્વ. માતાજી નેણબાઇ ઉંમરશી માલશીના
સ્મરણાર્થે હઃ રવિન્દ્ર નરશી લોડાયા — નલીયા
૪. ગોવિંદજી લખમશી લોડાયા — સુથરી
૫. ટોકરશી દામજી ધરમશી — જસાપર
૬. શ્રી પારોલા ક.દ.ઓ. જૈન મહાજન — પારોલા
૭. સોમચંદ ભાણજી લાલકા — વારાપધર
૮. ચાંપશી માણેકજી લોડાયા — સાંધવ
૯. ચીમનલાલ નરશી પાસુભાઇ છેડા
હ : પુષ્પાબાઇ ચીમનલાલ છેડા — કોડાય
૧૦. મનોહર ટી. છાબરીયા — મુલુંડ
૧૧. કેકીન દીનેશ દંડ — મુલુંડ
૧૨. માણેકજી કુંવરજી નાગડાના સ્મરણાર્થે
હ : પ્રતાપ માણેકજી શાહ — હુબલી
૧૩. ઉમરશી માલશી લોડાયાના સ્મરણાર્થે
હઃ શા પ્રફુલ નરશી લોડાયા — નલીયા
૧૪. ઝવેરચંદ ખીમજી મોમાયા — ડુમરા
૧૫. લક્ષ્મીચંદ કેશવજી માંડણ — વારાપધર
૧૬. માતુશ્રી નવલબાઇ નરશી સોની — સુથરી
૧૭. હેમલતાબેન વસંતકુમાર વિકમશી — દાદર
૧૮. શાહ ગોવીંદજી શીવજી લોડાયા પરિવાર ઘાટકોપર
૧૯. શ્રીમતી જ્યોતિ ચિમનલાલ ખોના — સાયન
૨૦. સ્વ. માણેકજી નરશી લોડાયા
(ઉર્ફે બાબુભાઇ શેઠ ગુંદરવાળા)
ધનલક્ષ્મીબેન ધનરાજ કુરવા હાલ — કેનેડા
૨૧. શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન મંદિર અને
શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક જૈન શ્વે. સંઘ — માટુંગા
૨૨. શ્રીમતી રમીલાબેન મણીલાલ ભટારા (મોમાયા)
નલિયા-ઘાટકોપર
૨૩. શ્રી બાબુભાઇ એમ. છેડા — માટુંગા-મુંબઇ
૨૪. શ્રી દેવલાલી જૈન શ્વેતામ્બર તીર્થ ટ્રસ્ટ
દેવલાલી (કેમ્પ)
૨૫. શ્રીમતી વાસંતીબેન નરેન્દ્ર શાહ — દેવલાલી
૨૬. શ્રીમતી ઇંદીરાબેન જયંતિલાલ વીકમશી — મુંબઇ
૨૭. પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના
સ્મૃતિ અર્થે શ્રી કચ્છી હીતવર્ધક
ગૃહ ઉદ્યોગ કેન્દ્ર — હુબલી
૨૮. બેન નવલબાઇ હંસરાજ લોડાયા
હઃ જયાબાઇ ગુલાબચંદ ડાઘા — પારોલા
૨૯. બાઇ લક્ષ્મીબાઇ દામજી પોલડીયા — ફૈજપુર
૩૦. ચિ. દલેશભાઇ તથા નિલમબેનના વર્ષીતપ
અનુમોદનાર્થે શ્રીમતી જયાબાઇ ઝવેરચંદ
મોમાયા સાહેરા — ચાલીસગાંવ
૩૧. ચિ. પલ્લવી વીરચંદ શાહ
હઃ સૌ. વિમલા (કસ્તુરી) વીરચંદ શિયાળ — નાંદેડ
૩૨. શ્રીમતી મધુરીબાઇ નવીનચંદ સોનાવાલા — બેંગલોર
૩૩. શ્રીમતી ગુણવંતીબેન રતિલાલ શાહ — બુ-હાનપુર
૩૪. માતુશ્રી દેવકુંવરબેન મેઘજી વેલજી ધરમશી
હઃ ડો. ઉર્વશી, પ્રિયવંદા, તક્ષશિલા અને વિધાતા –ગોરખડી
૩૫. માતુશ્રી માનબાઇ માલશી કલ્યાણજી મોતા – કુવાપધર
હાલ કલકત્તા હસ્તે કવિ પ્રેમચંદ મોતા
૩૬. શ્રી હીરાચંદ અરજણ પટેલ – બાંઢીયા – ઐરોલી
૩૭. શ્રીમતી નયના અશોક લાપશીયા – મુલુંડ
૩૮. ચિ. વિરાજની ૯૯ યાત્રા નિમિત્તે અ.સૌ. હિના ડો. રણધીર–મુલુંડ
૩૯. ભૂમિ અને ઇશા સંજય પીર – ન્યુ જર્સી
૪૦. શ્રીમતી રાજબાઇ કેશવજી મોમાયા – મુંબઇ
હઃ સૌ. જશ્મા હીતેશ મોમાયા
૪૧. શ્રીમતી નિર્મલાબાઇ સુમતિચંદ લોડાયા– નાસિક
૪૨. શ્રીમતી દમયંતી શામજી દંડ – મુલુંડ (વે.)–સેવક ભરૂડીયા
૪૩. અ.સૌ. રશ્મિ તિલક લોડાયા – નલીયા – અમલનેર

### જ્ઞાન દાનનો અનોખો લાભ

પરમાત્માએ જ્ઞાનની ગંગા વહેવડાવી... ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરી આચાર્ય-ઉપાધ્યાય-સાધુ ભગવંતોએ આ વાણી આપણા સુધી પહોચાડવા પ્રયત્ન કર્યો.. હવે અમે આ વાણીને ઘર-ઘરમાં પહોંચાડવાનો સંકલ્પ કર્યો છે. આપ સહુનો સહકાર અમારા સંકલ્પને સિદ્ધિ અપાવશે. આવો જ્ઞાન-દાનનો અનોખો લાભ લઇ મળેલી સંપત્તિને સફળ બનાવીએ.

આ યોજનામાં લાભ લેનાર ભાગ્યશાળીઓને ટ્રસ્ટમાંથી બહાર પડતું સાહિત્ય ભેટ આપવામાં આવશે.
જ્ઞાન દાનનો અનોખો લાભના યોજનાની જાણકારી માટે પ.પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા
નીચે જણાવેલ હુબલી ટ્રસ્ટનું સંપર્ક સાધવા વિનંતી.

**લિ. શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ**

2ND FLOOR, BUILDING NO 2, ENKAY COMPLEX,
KESHWAPUR, **HUBBALLI - 5800 23.** KARNATAKA STATE Mo. 9448350125

**અંક ન મળ્યાની ફરિયાદ :** ''મૃક્તિ કૃપા'' ત્રિમાસિક અંક છે. દર વર્ષે ફેબ્રુઆરી, મે, ઓગષ્ટ, તથા નવેમ્બરની ૧૦ તારીખના નિયમિત પાલીતાણાથી પોસ્ટ કરવામાં આવે છે. તમને તા. ૨૫ સુધી અંક ન મળે તો તમારા સભ્ય ક્રમાંક સાથે પાલીતાણા ફરીયાદ કરવી. અંક શિલ્લકમાં હશે તો તમને મોકલવામાં આવશે. સભ્ય ક્રમાંક વિનાની ટપાલ ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં.
અંક ન મળ્યાની ફરીયાદ નીચેના સરનામે કરવી.
''મુક્તિ કૃપા'' અશોક પ્રિન્ટરી, દરબાર ચોક, પાલીતાણા. ૩૬૪૨૭૦. મો.૯૮૯૮૭૫૩૮૭૦.

શ્રી શત્રુંજય એકેડમી સંચાલિત

# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય, સ્ટેશન રોડ, ચાલીસગામ. જી. મહારાષ્ટ્ર - ૪૨૪ ૧૦૧.

શુભાશીર્વાદ
શાસન શિરોમણી, તપચક્રવર્તી, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
દિવ્યકૃપા
આગમ આરાધિકા બા.બ્ર.પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા. તથા
શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.
પ્રેરણા માર્ગદર્શન - પ.પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. M.Sc., Ph.D.

મળેલા માનવભવને સફળ કરવા...

મળી ગયેલા જિન શાસનને જાણવા... સમજવા...

જીવનમાં પરિવર્તન લાવી સાચા સાધુ-શ્રાવક બનવા..

સમ્યગ્જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી લગાવી શ્રુતરત્નો પ્રાપ્ત કરવા..

જીવનમાં સુખ-શાંતિ અને સમાધિનો અનુભવ કરવા...

## શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમમાં

## જોડાવવા હાર્દિક આમંત્રણ

હિન્દી, ગુજરાતી તથા English ત્રણે વિભાગોમાં વર્તમાન પરિસ્થિતિના કારણે પાંચે વર્ષમાં અભ્યાસક્રમમાં ONLINE પ્રવેશ ચાલુ છે.

વધુ વિગત માટે જુઓ www.shatrunjayacademy.com વેબસાઈટ પર

First in Gujrati... Then in Hindi

Now in English Also

જૈન સ્નાતક બનવા માટે ત્રણ વરસનો અભ્યાસક્રમ છે. પ્રત્યેક વર્ષના અભ્યાસક્રમમાં તમને કુલ ૧૦ (દસ) પાઠ મોકલવામાં આવશે. પ્રત્યેક પાઠ સાથે પ્રશ્નપત્ર રહેશે. પાઠનો અભ્યાસ કરીને પ્રશ્નપત્ર ભરીને તમને પાછો મોકલવાનો રહેશે. ૧૦ (પાઠ) પૂર્ણ થયા પછી કેન્દ્રીય પરીક્ષાનું આયોજન થશે.

વાર્ષિક પરીક્ષામાં પાસ થયા પછી પ્રથમ વર્ષના અંતે (F.Y.B.J.) તમને ''સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા, બીજા વર્ષના અંતે (S.Y.B.J.) તમને 'સમ્યગ્ જ્ઞાન પરિચય', ત્રીજા વર્ષના અંતે (T.Y.B.J.) તમને 'સમ્યગ્ જ્ઞાન સ્નાતક', (B.J.)ની પદવીથી સન્માનિત કરવામાં આવશે. આગળ માસ્ટર (Master of Jainism (M.J.) અને ડોક્ટરેટ Doctor of Jainism (D.J.) ડિગ્રી પણ મેળવી શકાશે.


| સંપર્ક સૂત્ર | સંપર્ક સૂત્ર | સંપર્ક સૂત્ર |
|---|---|---|
| સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા<br>શાહ ગોવિંદજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ<br>મોંઢા રોડ, ઔરંગાબાદ-૪૩૧૦૦૧.<br>ફોન : (02848) 2336475. | SHILPA AJANI<br>MUMBAI<br>Mo. 9821113338<br>Email : shilpaajani1@gmail.com | લતાબેન વીકમશી<br>૨/૩૯ અનંતનિવાસ, ભાત બજાર,<br>મસ્જીદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯.<br>Mo. 9323944117. |

સંપર્ક સૂત્ર - હેમલ પોલડિયા C/o. શ્રી શત્રુંજય એકેડમી, ચાલીસગામ. Mo. 8956372227


PRINTED MATTER ONLY **BOOK POST**

To,

From :-
Shatrunjay Mukti Virendu Ratnatrayi Trust
New cotton Market,
HUBLI - 580 029
(KARNATAKA STATE)

ફરીયાદ લખતી વખતે આપનો ગ્રાહક નંબર અવશ્ય લખવો.




## વીતરાગ પથિકોને વિનયવંદન!!!

આજકાલના યુવાનોમાં એક નવી ફેશનનો વા વાયો છે : **"માનવ સેવા એ જ સાચી મહાવીર સેવા છે",** એવું માનવું અને કહેતા ફરવું. દેખીતી રીતે આ વિચાર ખૂબ જ ઉચ્ચ અને પ્રેરણાદાયક લાગે છે. સમગ્ર માનવ જાતની સેવા, દાન અને કલ્યાણની ભાવના ચોક્કસપણે પ્રશંસનીય છે.

પણ 'સેવા'ના ફક્ત શાબ્દિક અર્થો અથવા તેના વિવિધપર્યાયો પણ વાંચીએ તો આપણે સહેજે સમજી શકીએ કે આ માન્યતામાં તેમની કેટલી મોટી બાલિશતા છે!

* સેવા એટલે પરાધીનતા કે દાસત્વ - એ અર્થ લઈએ તો શું એમ સમજવું કે અન્ય માનવ પરની પરાધીનતા એ જ મહાવીરની ચરણાધીનતા છે, કોઇ માનવનું દાસત્વ એજ મહાવીરનું દાસતત્વ છે?

* સેવવું એટલે લગાવ અથવા લત - જે રીતે પદાર્થોના સેવનનો (substance abuseનો) લગાવ આગળ જતા લત બની જાય છે તે જ રીતે માનવીય સંબંધોનો લગાવ જ્યારે હદ પાર કરી જાય છે ત્યારે મનોરોગ બને છે તો મહાવીર તરફનો લગાવ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે મુક્તિમાં પરિણમે છે!

* સેવન કરવું એટલે સહારો લેવો - એક માણસ બીજા માણસનો આધાર બને, તેનો સહારો બને એને ભલા મહાવીર સેવા સાથે શી રીતે સરખાવી શકાય?

* સેવા એટલે ખુશામત - કોઈ તુચ્છ એવો સાંસારિક સ્વાર્થ સાધવા માટે એક માનવ બીજા માનવને ખુશામત કરે એ નિર્દોષ અને નિસ્વાર્થ મનુષ્યે કરેલ મહાવીર સ્તુતિની તોલે ક્યારેય પણ આવી શકે?

*અંતે સેવા અર્થાત પૂજા અથવા ભક્તિ - આપણે આપણી મનુષ્ય સહજ કમજોરીને અનુસરતા જો કોઈ અન્ય માનવને દેવતાનો દરજ્જો દઈને તેને પૂજતા થઈએ; જેમ કે આપણો કોઈ પ્રિય નેતા અથવા અભિનેતા, તો શું એ 'hero worship'ને મહાવીર સંકીર્તન લેખી શકીએ?

સેવા એક મહાન મૂલ્ય છે. **'સેવા'** શબ્દ ગરીબોને ભોજન કરાવવું, બીમારોની સંભાળ રાખવી, વૃદ્ધોને મદદ કરવી વગેરે સામાજિક કાર્યોને આવરી લે છે. આ બધા કાર્યો નિઃશંકપણે માનવતાના ઉત્તમ ઉદાહરણો

છે. આ કાર્યો દ્વારા સમાજમાં કરુણા, પરોપકાર અને દયા ફેલાય છે. પણ આખરે તો એ બધાં જ સાંસારિક કાર્યો છે. એનાથી પારમાર્થિક લાભ થઈ - થઈને આખરે કેટલો થઇ શકે ?

વળી, ઊંડાણ પૂર્વક વિચાર કરતા તરત જ સમજી શકાય છે કે જ્યારે સેવા કરવામાં આવે અને બદલામાં પૈસા, વગેરે લેવામાં આવે, ત્યાં પરોપકારની ભાવનાને બદલે લોભી સ્વાર્થ કામ કરે છે. તેથી જ લોભી ડૉક્ટર દર્દીની સારવાર કરીને તેની સેવા કરે છે પણ તેનું ધ્યાન તેની ફી પર વધુ હોય છે. આ સ્વાર્થી ભાવનાને કારણે, તે ડૉક્ટરની સેવા, 'સેવાવૃત્તિ' છે, 'સેવા ધર્મ' નથી.

એ જ રીતે જ્યારે આપણા યુવાનો માનવસેવા કરતા જોવામાં આવે ત્યારે તેમના મનમાં એક સૂક્ષ્મ સ્વાર્થ હોય છે કે ગુરુ અને સમાજ બંનેની પ્રશંસા મળે. તેથી તેમણે કરેલી માનવસેવા ને આપણે 'સેવાવૃત્તિ' કહી શકીએ 'સેવાધર્મ' નહીં.શું આવી; છાની રીતે અહંકારને પોષનારી 'સેવાવૃત્તિ' પ્રશંસનીય ગણી શકાય?

અને એવું પણ નથી કે મહાવીર ભગવાને પ્રરૂપેલો ધર્મ આવી સેવાને છેક જનકારે છે. પ્રભુએ પોતાના ઉપદેશોમાં તપનો ઘણો મહિમા કર્યો છે અને બાહ્ય અને આભ્યંતર એમ બે મુખ્ય પ્રકારના તપની વાત ખરી છે. આમાંના આભ્યંતર તપના પ્રકારોમાંનું એક તપ છે વૈયાવૃત્ય અથવા વૈયાવચ્ચ એટલે કે ગુરુજી, વડીલો, ઉપકારીઓ, તપસ્વીઓ અને માંદા-રોગી આત્માઓની સેવા, સારવાર કરવી.

બીજું,પ્રભુએ કહેલાં શ્રાવકના કર્તવ્યોમાંનું એક કર્તવ્ય છે 'સાધર્મિક ભક્તિ'. આપણે જે માનવ સેવાની વાત કરી રહ્યા છીએ તેમાં આ સાધર્મિક ભક્તિ પણ શામેલ છે. પણ ન તો તે આપણું અંતિમ લક્ષ્ય છે કે તેને પામવાનો સાચો માર્ગ પણ છે. એટલે તેને 'મહાવીર સેવા' નો દરજ્જો આપી દેવો એ ફક્ત અતિશયોક્તિ ભર્યું જ નહીં પણ અતિ ગેરમાર્ગે દોરનારું પણ છે.

પરંતુ'મહાવીર સેવાને' સમાજ સેવાના સંકુચિત દ્રષ્ટિકોણથી જોવી એના ગહન આધ્યાત્મિક સંદેશને મર્યાદિત કરવા જેવું છે. મહાવીર સ્વામી એ ફક્ત સામાજિક સુધારણા કે દાન વિશે વાત કરી ન હતી. તેમનું જીવન અને અને તેમના ઉપદેશો આત્માની મુક્તિ, કર્મોના નાશ અને મુક્તિની પ્રાપ્તિ તરફ નિર્દેશિત હતા. તેમણે સંસારને "આસક્તિ અને પ્રમાદના બંધન" તરીકે વર્ણવી, માનવ જાતને તેમાંથી ઉગારવા માટે તેમણે મુક્તિના માર્ગસ્વરૂપ ધર્મ પ્રબોધ્યો.તેમણે કરેલી આ ધર્મ પ્રભાવનાએ તેમની સર્વોત્કૃષ્ટ માનવ સેવા જ છે.તો પછી માનવ સેવાના નામે આપણે એ જ ધર્મની અવગણના કરી, આપણા મન માન્યા રસ્તે ચાલ્યા કરીએ તે કેટલું ઊચિત કહેવાય?

મહાવીર શું હતા અને તેમણે સ્થાપેલા આદર્શરૂપ સેવા શું છે તે સમજવા માટે એક સુંદર કાવ્યનો સહારો લઈએ:

**"कर सत्य का दीप प्रज्वलित, जग में प्रकाश वो लाया।**

**'जियो और जीने दो' का संदेशा संग उसके जो आया।**

**अहिंसा,सत्य,अचौर्य, ब्रह्मचर्य,अपरिग्रह है उसके अनुयायी,**
**माता त्रिशला का पुत्र है वो जो महावीर कहलाया।।**

**जन्मा था वह राज-घर में पर अहम क्षणिक न आया।**
**त्याग महलों का ऐश्वर्य जिसने, वैराग्य ही अपनाया।**
**सम्यक दर्शन,सम्यक ज्ञान, सम्यक चरित्र उसके श्रृंगार,**
**राजा सिद्धार्थ का अंश है वो जो महावीर कहलाया।**

**शरीर का वर्ण सुवर्ण था उसका चिन्ह सिंह का पाया।**
**सफलता की राह को जिसने स्वाध्याय बतलाया**
**पाँच महाव्रत,पाँच अणुव्रत, पाँच समिति, छ नियम है उसका ज्ञान।**
**और जीत कर अपनी इन्द्रियों को जो जिनेंद्र भी कहलाया।**
**नंगे पाँव चलकर जिसने दुनिया को रस्ता दिखलाया,**
**जग को जीतकर इस जग में वो महावीर कहलाया।"**

માટે જ પ્રભુની સાચી સેવા છે :
માત્ર માનવ જાત પ્રત્યે જ નહીં પરંતુ તમામ જીવો પ્રત્યે અહિંસાનું સંપૂર્ણ પાલન.
અપરિગ્રહ, જેમાં બાહ્ય વસ્તુઓની ઈચ્છાનો ત્યાગ કરવામાં આવે છે.
એક સંયમિત જીવન, જેમાં વાસના, લોભ અને આસક્તિનો ત્યાગ કરવામાં આવે છે.
આત્મ ચિંતન અને આત્મ સાક્ષાત્કાર, જે આત્માને કર્મોના બંધનમાંથી મુક્ત કરી શકે છે.

જ્યારે કોઈ કહે છે કે **"માનવતાની સેવા એ મહાવીરની સેવા છે",** ત્યારે તે ફક્ત બાહ્ય કાર્યોને જ મહત્વ આપી રહ્યા હોય છે. આ વિધાન ક્યાંક આધ્યાત્મિક અભ્યાસની અવગણના કરે છે. જ્યારે મહાવીરની સેવાનો મૂળ પાયો આંતરિક યાત્રા છે, જેમાં વ્યક્તિ પોતાના અંતરાત્માને શુદ્ધ કરે છે.સાચી સેવા પોતાને સુધારવાની છે, કારણ કે જૈન દર્શનમાં કહેવામાં આવ્યું છે: **"અપ્પા મગ્ગમ ખોઈ" -** "આત્મા એનો પોતાનો માર્ગ છે."

યુવાનોનો આ વિચાર ચોક્કસપણે ભાવનાત્મક અને ઉદાર છે, પરંતુ તે જૈનધર્મના ઊંડાણથી અજાણ છે. તેઓ મહાવીરને ફક્ત 'સંત' અથવા 'સમાજ સુધારક' તરીકે જુએ છે, જ્યારે તેઓ તપસ્યા, ત્યાગ અને આત્મ સાક્ષાત્કારના પ્રતીક હતા.

તેમની સેવા ફક્ત સામાજિક કાર્ય દ્વારા જ નહીં, પરંતુ તેમના આદર્શોને અનુસરીને અને આત્મશુદ્ધિના માર્ગ પર ચાલીને કરવામાં આવે તો સાર્થક ગણાય. જે યુવાનો આ દૃષ્ટિકોણ અપનાવી,

પોતાની આધ્યાત્મિક યાત્રા ના પહેલા સોપાન તરીકે માનવસેવા માં રૂચી લેતા હોય તેઓની ખૂબ-ખૂબ અનુમોદના.

અંતે; પર્યુષણએ આપણા બધા માટે કરુણા, પ્રામાણિકતા અને આધ્યાત્મિક જાગૃતિથી ભરપૂર જીવન જીવવાની પ્રતિબદ્ધતાનું renewal કરવાનો સમય છે. યુવાન જૈનો માટે, તે ફક્ત ધાર્મિક વિધિઓની એક યંત્રવત્ચાલનારી શૃંખલા કરતાં વધુ હોવી જોઇએ - તે આપણા મૂલ્યોને અર્થપૂર્ણ રીતે, શીખવા, સ્વીકારવા અને વિકસાવવાની તક હોવી જોઈએ. પર્યુષણ દરમિયાન આપણે ચિંતન, ક્ષમા, ઉપવાસ અને પ્રાર્થના - માં જોડાઈને આપણા મન અને હૃદયને શુદ્ધ કરી શકીએ. સાથે જ આપણા જીવન દરમ્યાન માર્ગદર્શન આપતા મૂલ્યો પ્રત્યેના આપણા સમર્પણને ફરીથી પુષ્ટિ આપીએ. તેથી, આ પર્યુષણ મહાપર્વ દરમિયાન પરંપરાઓમાં ડૂબી જવા કરતાં આપણા કાર્યો પર ચિંતન કરવા અને ખુલ્લા હૃદયથી આ યાત્રાને સ્વીકારવા માટે થોડો સમય કાઢીએ.

**શાસનની શાક્ષીએ ત્રિયોગે મિચ્છામી દુક્કડમ**
**શિલ્પા અજાણી**
**૨૮/૦૭/૨૦૨૫**

# દુર્ધ્યાનથી સદ્ધ્યાન તરફ

ચરમ તીર્થંપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીના શાસનને પામેલા, પરમાત્માના કરકમલો દ્વારા પ્રવજ્યા અંગીકાર કરી એમના શિષ્ય શ્રી વીરભદ્રગણી નામના આચાર્ય ભગવંતે ''આઉર પચ્ચક્ખાણ'' નામના પ્રકીર્ણક આગમ ગ્રંથમાં સાધના માટે તત્પર થયેલા શ્રાવકના જીવનમાં, સમાધિ -મરણને પામવા સજ્જ બનેલા સાધકના જીવનમાં ક્યાંય પણ કોઇ અશુભ ધ્યાન ન થઇ જાય, દુર્ધ્યાન ન થઇ જાય તે માટે ૬૩ પ્રકારનાં દુર્ધ્યાનો બતાવી જીવને તેમાંથી બચાવી લેવાનો પ્રયાસ કર્યો છે... તે દુર્ધ્યાનો ન થાય તેની માટે કેવી કેવી સાવધાની રાખવી તેનું માર્ગદર્શન આપ્યું છે. તો આપણે એ દુર્ધ્યાનને સમજીએ અને એનું જ્ઞાન મેળવી આત્માનું કલ્યાણ કરીએ... અહીં ચોથા નંબરે ક્રોધ દુર્ધ્યાન સમજાવી રહ્યા છે.

૪. **कोहं झाणे** (ક્રોધ ધ્યાન)

કર્મ વિજ્ઞાનમાં આઠ પ્રકારનાં કર્મો બતાડ્યાં છે... જેમાં મોહનીય કર્મને બધાં કર્મોનો રાજા કહેવામાં આવ્યો છે. આ મોહનીય કર્મની કરામત એવી છે જે મોહની જાળમાં ફસાય એનાથી બીજા સાત કર્મો પણ જીવને સાથે લાગુ પડતા જાય છે. માટે જે તેને બધાં કર્મોનો રાજા કહેવામાં આવે છે. જેમ મદિરાના પાન કરેલા જીવને એના નશામાં ભાન રહેતું નથી, તેમ મોહમાં અટવાયેલા જીવને પણ હિતાહિતનું, સારા-ખરાબનું, શુભ-અશુભનું ભાન રહેતું નથી...

આવાં આ મોહનીય કર્મના બે પ્રકાર બતાડ્યાં છે.

(૧) દર્શન મોહનીય (૨) ચારિત્ર મોહનીય.

ચારિત્ર મોહનીયના બે પ્રકાર કહ્યાં છે.

(૧) કષાય અને (૨) નોકષાય.

એમાં કષાયના ૪ પ્રકાર સમજાવ્યા છે.

(૧) ક્રોધ (૨) માન (૩) માયા (૪) લોભ.

આ કષાયમાં પહેલા નંબરે આવે છે ક્રોધ જે આપણે આજે એની વાત કરવા જઇ રહ્યા છીએ...

ક્રોધ કેવી રીતે આવે છે ?

રાગ અને દ્વેષ એ મોહરૂપી સિક્કાની બે બાજુ છે. જ્યાં રાગ આવે તે ત્યાં અપેક્ષા આવે છે. જ્યાં અપેક્ષા આવી ત્યાં તે અપેક્ષા પૂર્ણ ન થઇ તો ક્રોધ આવે છે.

જેવી રીતે દિકરો છે તો માતાને તેના પર રાગ છે જ અને તેને કારણે અપેક્ષા હોય છે કે મારા દિકરાએ મારું માનવું જોઇએ, હું જેમ કહું તેમ કરવું જોઇએ, મારી ઇચ્છાઓ તેણે પૂર્ણ કરવી જોઇએ... અને એમાંથી તમારા કહ્યાં મુજબ તેણે વર્તન ન કર્યું, તમારી ઇચ્છાઓને, તમારી અપેક્ષાને, પહોંચી ઠેર પહોંચી તો આ રાગ ક્રોધમાં ફેરવાઇ જાય છે. પછી એ કોઇપણ સંબંધ હોય, સાસુની વહુ પ્રત્યે અપેક્ષા, પતિની પત્ની પ્રત્યે અપેક્ષા, ગુરુની શિષ્ય પ્રત્યે અપેક્ષા,

અપેક્ષાના પણ ઘણા પ્રકાર છે.

ખાવા-પીવાની અપેક્ષા, કરવા-ફરવાની અપેક્ષા, પોતાનું ધાર્યું કરાવવાની અપેક્ષા, પોતાનું મહત્ત્વ બતાવવાની અપેક્ષા, મનગમતી વ્યક્તિ મેળવવાની ઇચ્છા, માન-મેળવવાની અપેક્ષા, બધાને પોતાના બનાવવાની અપેક્ષા, સમાજમાં સંઘમાં માન મળે-મોભો સચવાય-સત્તા મેળવવાની અપેક્ષા આવી તો ઘણી અપેક્ષાઓ ધરબાયેલી હોય છે. જો આપણે જાગૃત રહીએ, ચિંતન મનન કરીએ તો આપણને આપણી ખબર પડે કે આપણામાં પણ કેટલી અપેક્ષાઓ પડી છે... આવી આવી ઇચ્છાઓ અપેક્ષાઓ જ્યારે જાગૃત થાય છે. અને તે પૂર્ણ ન થાય ત્યારે ક્રોધ ઉત્પન્ન થાય છે. તે જ ''ક્રોધ ધ્યાન'' છે.

આ ક્રોધના પર્યાયવાચી નામો છે કોપ, રોષ, રીસ, ગુસ્સો, ખીજ, ચીડ, આક્રોશ... એ વિવિધ રીતે જીવનમાં દુર્ધ્યાન કરાવીને સંસારમાં રખડાવે છે.

આ ચારેય કષાય ચાર પ્રકારે છે...

ક્રોધના ચાર પ્રકાર છે. (૪) અનંતાનુબંધી ક્રોધ (૩) અપ્રત્યાયજ્ઞાનાવરણાય ક્રોધ (૨) પ્રત્યાખ્યાનાવરણાય ક્રોધ (૧) સંજ્વલન ક્રોધ... ક્રોધને અનુલક્ષીને આ ચાર પ્રકારનું વર્ણન છે.

**जलरेणु पुढविपव्वयराईसरिसो चउव्विहो कोहो '**

(૧) જલરેખા સમાન (૨) રેણુરેખા સમાન (૩) પૃથ્વીરેખા સમાન (૪) પર્વતરેખા સમાન એમ ચાર પ્રકારના ક્રોધ બતાવ્યા છે.

(૧) જંજવલન ક્રોધ-જલરેખા સમાન :- સંજવલન ક્રોધ જલરેખા સમાન છે. જેવી રીતે લાકડી વિગેરેથી પાણીમાં લીટી દોરવામાં આવે તો તે જલ્દીથી વિલીન થઇ જાય છે. તે રીતે આ ક્રોધ પણ

ઉદયમાં આવે પણ તરત સાવધાની કેળવી તે ક્રોધ દુર કરાય છે. તે સંજ્વલન ક્રોધ છે.

(૨) પ્રત્યાખ્યાનવરણ ક્રોધ :- જે રેણુરેખા સમાન છે. રેણુ એટલે ધૂળ, અને રેખા એટલે લીટી, ધૂળમાં દોરેલી લીટી જલ્દીથી ભૂંસાતી નથી લાંબા કાળે દૂર થાય છે. તેવી રીતે આ કષાય પણ સંજ્વલન કષાય કરતાં લાંબાકાળે દૂર થાય છે.

(૩) અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ – જે ક્રોધ પૃથ્વી રેખા સમાન છે. એટલે પૃથ્વીમાં પડેલી તિરાડ એને ખૂબ કષ્ટથી પૂરી શકાય છે. તેવી રીતે અપ્રત્યાખ્યાનવરણ ક્રોધ છે જે કષ્ટથી દૂર કરી શકાય છે. આ ક્રોધને કષ્ટથી દૂર કરી શકાય છે.

(૪) અનંતાનુબંધીન ક્રોધ : જે ક્રોધ પર્વતની રેખા સમાન છે. પર્વતમાં પડેલી તિરાડ જેનાથી પર્વતના બે ભાગ પડી જાય. અને એ કમ પણ કરીને જોડી ન શકાય એવું આ અનંતાનુબંધીન ક્રોધ છે જે ક્રોધ કોઈપણ રીતે દૂર ન કરી શકાય...

આવા આ ક્રોધના પ્રકારોને સમજીને તેમાંથી બચવાનો પ્રયાસ કરીએ... કહેવાય છે કે, ''આ ક્રોધ કેવો છે ?''

''આગ ઉઠે જે ઘર થકી પહેલું ઘર તે બાળે,
જળનો જોગ જો નવી મળે તો પાસેનું પણ બાળે.''

જ્ઞાની ભગવંતો સમજાવી રહ્યા છે કે, આગ જે ઘરમાંથી ઉઠે છે તે ઘર પહેલાં બળીને ખાખ થઈ જાય છે... આગ લાગી અને સમયસર ફાયર બ્રિગેડ ને બોલાવી લેવામાં આવે તો ઓછું નુકશાન થાય પણ જો ફાયર બ્રિગેડ સમયસર ન આવે, જળનો જોગ ન થાય તો આજુબાજુવાળાનું પણ નુકસાન થાય છે. ક્રોધ જ્યાંથી ઉત્પન્ન થાય ત્યાં તે પહેલા પોતાના આત્માના ગુણોનો ઘાત કરે છે. અને ફાયર બ્રિગેડરૂપ સદ્‌ગુરુનો જોગ જો ન મળે તો ક્રોધ થકી આસપાસના જીવોનું પણ અહિત કરે છે.

ઉપદેશમાલામાં ક્રોધ વિષે જણાવતા કહે છે–

**मित्तंपि कुणइ सत्तुं, पत्थइ अहियं हियंपि परिहरइ ।**
**कज्जाकज्जं न मुणइ, कोवस्स वसं गओ पुरिसो ।।२८६।।**
**धम्मत्थकामभोगाण, हारणं कारणं दुहसयाणं ।**
**मा कुणसु कयभवोहं, कोहं जइ जिणमयं मुणसि ।।२८७ ।।**

इहलोइ च्चिय कोवो, सरीरसंतावकलहवेराइं ।
कुणइ पुणो परलोहए, नरगाइसु दारुणं दुक्खं ॥२८८॥

क्रोधने आधीन बनेलो पुरुष मित्रने पण शत्रु करे छे.
અહિતને ઇચ્છે છે. હિતનો પણ ત્યાગ કરે છે... કાર્યાકાર્યને જાણતો નથી.
ક્રોધ ધર્મ-ધન-કામભોગોનો નાશ કરે છે, સેંકડો દુઃખોનું કારણ છે.
ભવોની પરંપરાને કરે છે. જો તું જિનમતને જાણે છે તો ક્રોધને ન કર.
ક્રોધ આ લોકમાં જ શરીરસંતાપ, કલહ અને વૈર વગેરેને કરે છે.
અને પરલોકમાં નરક વિગેરે ગતિમાં ભયંકર દુઃખ કરે છે..

ક્રોધ દુર્ધ્યાન જીવનમાં આવવાથી જીવની કેવી હાલત થાય છે ? અને એના કેવાં કેવાં દુઃખદ ફળો ભોગવવા પડે છે એ આપણે અચંકારી ભટ્ટિકાના કથાનકથી જાણીએ...-

ઉજ્જયની નગરી...

ધનપ્રવર શેઠ...

ગુણોથી શ્રેષ્ઠ એવી કમલશ્રી નામની પત્ની...

તેમને સંતાનરૂપે આઠ પુત્રોની પ્રાપ્તિ થઇ અને એક રૂપવતી પુત્રી તેના પછી જન્મી. માતા-પિતાને અતિપ્રિય હતી... ઘણા સુખથી તેનો ઉછેર કરી રહ્યા છે...

પિતાએ તેનું નામ ભટ્ટિકા રાખ્યું. પિતાને પુત્રી ઉપર ઘણો સ્નેહ હતો... તેથી પૂરાં પરિવારને ભેગાં કરી પિતાએ કહ્યું, મારી પુત્રીને કોઇને કાંઇ કહેવું નહિં... એ જેમ કરે તેમ કરવા દેવું... એની કોઇ પ્રવૃત્તિમાં રોક-ટોક કરવી નહિં... એનો અનાદર કરવો નહિં એને ચંકારવી નહિં. આથી લોકમાં તેનું અચંકારિ ભટ્ટિકા નામ પ્રસિદ્ધ બન્યું...

પુત્રી યૌવનવયમાં પ્રવશ કરે છે, રોક-ટોક વિના ફરે છે. જે વસ્તુ જ્યારે જોઇએ છે, ગમે છે તે લે છે. વિલાસથી યથેચ્છ રીતે વર્તન કરે છે. ઘણા શ્રેષ્ઠિ પુત્રો તેને પરણવાને ઇચ્છે છે. એટલે પિતાએ એવું જણાવ્યું કે, ''હું પુત્રી તેને જ આપીશ કે જે સદા તેની આજ્ઞામાં રહે, તેના વચનનો ભંગ ન કરે, તેનો અનાદર ન કરે.''

આજના કાળે પણ જોવા જઇએ તો આ બાબતે જીવો પીડાઇ રહ્યા છે. મા-બાપના એકના એક સંતાન હોય. મા-બાપ તેમની બધી ઇચ્છાઓ પૂરી કરે, એમને કોઇ કાંઇ ન કહે, એમના વચન કોઇ ન

ઉત્થાપે... એટલે આજના યુવાનો બચપણથી જ પોતાની રીતે જીવન જીવતા થઇ ગયા છે... મન ફાવે તેવું વર્તન કરતા હોય છે, કોઇ કાંઇ બોલે તો સહન કરવાની શક્તિ પણ નથી હોતી. અને એના કારણે ક્રોધ ઉત્પન્ન થાય. આજે લગભગ ઘરોઘરમાં આ ક્રોધ દુર્ધ્યાનથી જીવો પીડાઇ રહ્યા છે...

એક વખત સખીઓની સાથે ઉદ્યાનમાં ભટ્ટિકા ક્રીડા કરતી હોય છે તે સમયે તે જ નગરીનાં રાજાના મંત્રી સુબુદ્ધિની નજર તેના પર પડે છે. તેના પર મોહિત થઇ પોતાના પુરુષોને ધનપ્રવર શ્રેષ્ઠિ પાસે મોકલે છે. આ કન્યાની સાથે લગ્નગ્રંથિથી જોડાવવા માંગણી કરી છે. ત્યારે તેના પિતા પોતાની બધી શરતો તેમની સામે મૂકે છે અને હજી આગળ તમારો પરિવાર સદા મારી પુત્રીની આજ્ઞામાં રહેશે તો લગ્ન કરાવું... મોહગ્રંથિથી અને કામ-વાસનાથી પીડિત એવા સુબુદ્ધિ મંત્રીએ બધી વાતનો સ્વીકાર કર્યો...એટલે શ્રેષ્ઠિએ પોતાની દીકરી તેને પરણાવી દીધી...

સુબુદ્ધિ મંત્રીએ ઘણા આડંબરથી તેની સાથે લગ્ન કર્યાં... અને પોતાના મહેલમાં લઇ આવ્યા... બધી વાત તો સમજાવેલી હતી અચંકારી ભટ્ટિકાએ એક નવી આજ્ઞા કરી સૂર્યાસ્ત થાય તે પહેલાં તમારે ઘરે આવી જવું... બહાર રહેવું નહીં. મંત્રી તે પ્રમાણે રહેવા લાગ્યો... રોજ સાંજના રાજા પાસેથી રજા લઇ જલ્દી ઘરે આવી જાય છે.. એકદા રાજા પોતાના સેવકને પૂછે છે કે, મંત્રી રોજ સાંજે જલ્દી રજા લઇને કેમ જાય છે ? તેથી તે સેવકે તેના પત્નીનો બધો વૃતાંત કહી બતાવ્યો... એક દિવસ રાજાએ મંત્રીને કઇક કામ છે તેમ કહી સૂર્યાસ્ત સુધી રોકી લીધો.... અને મોડી રજા આપી... મંત્રી ઘરે પહોંચે છે. આવવામાં મોડું થઇ ગયું એટલે પત્ની ક્રોધે ભરાઇ છે... દરવાજો મજબૂત રીતે બંધ કરી નાખ્યો. મંત્રી બહારથી ઘણું સમજાવે છે... દરવાજો ખોલ, હે પ્રિયા ! કોપ ન કર...

આ અવસર મેળવીને મોહરાજાની પૌત્ર અને દ્વેષ ગજેન્દ્રના મોટા પુત્ર એવા વૈશ્વાનરે વિવેકરૂપ વૈભવને બાળીને અંચકારિભટ્ટિકાને વિમૂઢ મનવાળી બનાવી દીધી... અને પોતાના પતિને ઉત્તર પણ આપતી નથી તેથી ખિન્ન મનવાળા મંત્રીએ કહ્યું, જુઓ ! મેં મારા હાથે જ એવા અનર્થને ગ્રહણ કર્યો છે કે જે અનર્થને ગ્રહણ કરવા કે મૂકવા હું સમર્થ નથી. આવા કઠોર વચન સાંભળીને અચંકારિભટ્ટિકાનો ક્રોધ સાતમાં આસમાને પહોંચી ગયો... ક્રોધરૂપી અગ્નિ વધારે પ્રજ્વલિત બન્યો... આથી તે દરવાજા ઉઘાડી ઘરમાંથી બહાર નીકળી ગઇ... મંત્રી તેની પાછળ ગયો તો તેની દૃષ્ટિને છેતરીને પિતાના ઘર તરફ આગળ વધી... આને કહેવાય ક્રોધ દુર્ધ્યાન... જે પોતાના કર્તવ્યને સમજવા દેતું નથી... મોહના પૌત્ર

વૈશ્વાનરે તેની  જ્ઞાનરૂપ આંખોને અજ્ઞાનરૂપ ધૂમાડાથી કાળા-લાલ વર્ણવાળી કરી નાખી... તેથી તેને માર્ગ દેખાતો નથી...

ઘરમાંથી નીકળી આગળ વધતાં ચોરોનો સમૂહ મળ્યો... મૂલ્યવાન ઘરેણાં તેના શરીર ઉપર જોઇ ચોરોએ તેને પકડી લીધી... ઘરેણાં લૂંટી લઇ તેને પોતાના સ્વામી... ચોરોના સેનાપતિને સોંપી દીધી... સેનાપતિએ પોતાની માતાને સોંપી... માતાએ નિપુણ વચનો કહી તેને રતિઘરમાં લઇ ગઇ... ત્યાં પોતાના પુત્રના વખાણ કરવા લાગી અને તેને કહ્યું કે, 'તું એની સાથે તારું જીવન સફળ કરી.' અચંકારીના મસ્તક પર જાણે વજનો ઘા પડ્યો હોય તેમ તે બોલી, 'હું મરણને શરણ થઇશ, પણ કુળ-ખાનદાનીને ક્યારેય કલંક નહીં લગાડું... હું મરણને શરણ થઇશ પણ શીલનું ખંડન કરવા નહીં દઇશ...

આવા વચનો સાંભળી માતા પોતાના પુત્રને કહી રહી છે કે, આ કોઇ સારા કુળની સ્ત્રી છે. આ મહાસતી લાગે છે. પોતાના પ્રાણની આહુતિ આપશે, પણ તારો સંગ નહીં કરે...  માટે તું એને છોડી દે... આવું સાંભળી ક્રોધથી પ્રજ્વલિત થયેલો પલ્લીપતિ તેને ચાબુકનો માર મારે છે. આને પણ ક્રોધધ્યાન કહેવાય... કે પોતાની ઇચ્છા પૂરી ન કરનાર પર પણ ક્રોધ આવે તેથી પલ્લીપતિએ એને એક સાર્થવાહને પાસેથી ઘણું ધન લઇને વેંચી નાખી... સાર્થવાહ પણ તેની પાસે અયોગ્ય માંગણી કરે છે. તે માંગણી પૂરી ન થતાં તેને હજારો યાતનાઓથી દુઃખ આપે છે... પણ તે સ્વીકારતી નથી... એટલે તેને એક વણકરની પાસેથી ધન લઇ વેંચી નાખી... આ વણકર પણ તે જ માંગણી કરી રહ્યો છે જે પલ્લીપતિ અને સાર્થવાહે કરી...  ધિક્કાર છે આ વિષયોની કારમી વાસનાને... કે જે જીવને ભાન ભૂલાવે છે... વણકરની માંગણી પૂરી ન થતાં તે ક્રોધે ભરાયો છે. આ જ છે ક્રોધ દુર્ધ્યાન... કોહં ઝાણે તેથી તે તેના શરીરની છાલ કાઢી તેમાંથી લોહી લઇને તે લોહીથી કપડાં રંગાવે છે...

અચંકારીભટ્ટિકાના જીવનમાં જે જે કાંઇ વિપત્તિઓની પરંપરા આવી તેના મૂળમાં ક્રોધ ''**कोहं झाणे।** એટલે જ શાસ્ત્રકાર મહર્ષિઓ આપણને સમજાવી રહ્યા છે.

''ક્રોધતણાં ફલ કડવાં જાણી મ કરીશ રાગ અને દ્વેષ.''

ક્રોધના ફલ કડવાં છે. એમાં કોઇપણ કાર્ય બગાડવાની જ તાકાત છે. સુધારવાની નહિં... અચંકારી એ ક્રોધ કર્યો તો કેટલી વિટંબનાઓ પામી ?... કેવી કેવી સ્થિતિઓ સર્જાણી ?...કાર્ય

બગડ્યું જ...

મોટા ભાઇ ધનપાલને અચંકારીભટ્ટિકા મળે છે... તે ઓળખે છે... આ તો મારી બેન છે.. અને ઘરે લઇ આવે છે... પોતે ક્રોધ કરીને ઘરથી નીકળી ત્યારથી કરીને ક્રોધના નિમિત્તે પગલે પગલે દુઃખ પામી તે વાત પોતાના માતા-પિતા પાસે કરે છે. ધર્મ સાંભળીને ક્રોધના ફલ જોઇને ક્રોધ ન કરવાનો અભિગ્રહ લે છે....

ક્રોધ ધ્યાનથી બચવા શું કરવું જોઇએ...?

ઉપદેશ માલામાં કહ્યું છે-

**खंती सुहाण मूलं, मूलं धम्मस्स उत्तमा खंती ।**

**हरइ महाविजरा इव, खंती दुरियाइं सयलाइं ।।२८९।।**

ક્ષમા સુખોનું મૂળ છે. ઉત્તમ ક્ષમા ધર્મનું મૂળ છે.

ક્ષમા મહાવિષધાની જેમ સઘળા દુરિતોનો (પાપોનો) નાશ કરે છે...

**कोहम्मि खमाएऽवि यऽचंकारिय खुड्डओ य आहरणं ।**

**कोवेण दुहं पत्तो, खमाए नमिओ सुरेहिंतो ।।२९०।।**

ક્રોધ વિષે અને ક્ષમા વષે પણ અચંકારીભટ્ટિકા અને ક્ષુલ્લકનું દષ્ટાંત છે.

ક્રોધ વડે દુઃખ પામ્યા, અને ક્ષમા વડે દેવોથી પ્રણામ કરાયા.

અહીં કહી રહ્યા છે કે, 'ક્રોધદુર્ધ્યાનથી બચવા માટે ક્ષમા ગુણને ધારણ કરવું પડશે... અચંકારી પણ ક્રોધના નિમિત્તે કેવા કેવા દુઃખોને પામી...? તે જાણીને અભિગ્રહ કર્યો કે, 'હવે જીવનમાં ક્રોધ ન કરવો.'' અને ક્ષમાને ધારણ કરવી. મને મરણાંત ઉપસર્ગ આવશે તો પણ હું ક્રોધ નહિ કરું.... એના શરીર પરના વ્રણ (જખમ)ને રૂઝવવા માટે લક્ષપાક તેલની ત્રણ નાની માટલીઓ તૈયાર કરવામાં આવે છે... તે તેલની યાચના કરવા માટે એક દિવસ સાધુ ભગવંત પધારે છે. તે વખતે દેવલોકમાં શકેન્દ્ર અચંકારીના ક્રોધની વાત બીજા દેવો સમક્ષ કરતો હતો.. કે, 'અચંકારીએ ક્રોધને જીતી લીધો છે. જેથી સઘળા દેવો તેને ગુસ્સો કરાવવા માટે સમર્થ નથી એક દેવ આ વાત સાંભળી એને એના ક્ષમા ગુણને જોવા ત્યાં પધાર્યા...

તે સમયે દાસી તેલની ઘડી અચંકારીને આપી રહી હોય છે ત્યારે દેવ તે ઘડીને પાડી ને ફોડી નાખે

છે... તેથી અચંકારી બીજી ઘડી મંગાવે છે... તે ઘડીને પણ તે દેવ ફોડી નાખે છે... જરાપણ ક્રોધ કર્યા વગર ઉભી થાય છે અને જાતે જ ત્રીજી ઘડી લઇ આવે છે... અને અતિશય હર્ષપામી મુનિરાજને જેટલુ જોઇએ તેટલું તેલ વહોરાવે છે. મુનિરાજે અચંકારીને કહ્યું, 'કે અમારા કારણે તમને દ્રવ્યની ઘણી હાનિ થઇ છે.' માટે દાસી ઉપર કોપ ન કરશો...' અચંકારીએ કહ્યું : હે ભગવન્ ! રોષનું ફળ મેં ઘણું અનુભવ્યું છે. આથી હવે હું કોઇના ઉપર પણ રોષ નથી કરતી... મુનિઓએ પૂછયું, 'કયું ફળ અનુભવ્યું ?' ત્યારે પોતાની વીતક કથા સંભળાવી તે સાંભળી પરિક્ષા કરવા આવેલા દેવ પ્રત્યક્ષ હાજિર થયા... તેમણે ભક્તિથી નમીને અચંકારીને કહ્યું, 'હે દેવાનુપ્રિયા ! તે ક્રોધને ખૂબ સારી રીતે જીત્યો છે...'

દેવલોકમાં પણ તારા ક્ષમા ગુણની, સમતાગુણની ઘણી પ્રશંસા શકેન્દ્રે કરી છે. તને ઉત્તમ દેવો પણ નમે છે. આવી પ્રશંસા કરીને, સુગંધીજલને દૃષ્ટિ કરીને, પોતાના આગમનનું કારણ જણાવી, ખમાવીને, નમીને દેવ દેવલોકમાં ગયો... મુનિવરોએ પણ તેની ઉપબૃંહણા કરીને પોતાની વસતિમાં ગયા... અચંકારી પણ ગર્વથી મુક્ત થઇ શ્રાવકધર્મને પાળે છે...

આ પ્રમાણે અચંકારીભટ્ટિકા ક્રોધ કરી કેવું દુઃખ પામી, અને ક્રોધથી બચવા ક્ષમા ગુણને ધારણ કર્યું તો દેવો વડે પણ નમન કરાઇ... આ સાંભળી સત્વરે આપણે પણ જાગી જઇએ... ચિંતન દ્વારા આપણા આત્મામાં ક્રોધ આવતો હોય તો સવેળાએ સાવધાનીથી એ દુર્ધ્યાનથી બચવા પ્રયત્ન કરીએ... અને ક્ષમાગુણને જીવનમાં કેળવીએ એ જ અભ્યર્થના...

# વૈરાગ્ય શતક

***ચાલો વૈરાગ્ય શતકના સ્વાધ્યાયમાં આગળ વધીએ...***

**विहवो सज्जाणसंगो, गिसयसुहाई विलासललिआंई,**

**नलिणीदलग्ग, धोलिर, जललव - परिचंचलं सव्वं ...१४**

**ગાથાર્થ :** વૈભવ સ્વજનોના સંબંધ, વિલાસ વડે મનોહર વિષય સુખો આ સર્વે કમલના પત્રના અગ્રભાગમાં રહેલા ચંચળ પાણીના બિંદુની જેમ અતિશય ચંચળ છે...

**વિવેચન :** ''વૈરાગ્ય શતક... ૭૦૦ ગાથાના આ ગ્રન્થમાં એવું તે શું છે...? રાગીને વૈરાગી તથા વૈરાગીને વિતરાગી બનાવવાની તાકાત આ ગ્રંથમાં છે.... એક-એક ગાથા અંદરમાં વૈરાગ્યના પરિણામોને મજબૂત ને મજબૂત કરનાર છે... રાગી જીવ આ ગાથાઓનું ચિંતન-મનન કરે તો વૈરાગી બન્યા વગર રહેજ નહીં... જ્યારે વૈરાગી આ ગ્રંથનું વાંચન-પઠન કરે ત્યારે એ વિતરાગ દશા ને સાધ્ય કરી શકે... આવા આ અજોડ ગ્રંથની ચૌદમી ગાથાએ આપણે પહોંચ્યા... આ ગાથામાં એક નવા દૃષ્ટાંતે સંસારની અનિત્યતા દર્શાવી છે... તો ચાલો જો રાગી હોઇએ તો વૈરાગ્ય તરફ ગતિ કરીએ અને વૈરાગી હોઇએ તો વીતરાગી બનવાનો પ્રયત્ન કરીએ...!!!

વૈભવ, સ્વજનોના સંબંધ, વિલાસ વડે મનોહર વિષય સુખ આ બધા કેવા છે તો જલબિંદુ સમાન છે... એટલે શું..? વૈભવ એટલે સત્તા અને સંપત્તિ અને સ્વજનોના સંબંધ એટલે માતા-પિતા-ભાઇ-બહેન, પત્નિ આદિ સંબંધ...સત્તા-સંપત્તિ - સંબંધથી ભોગવાતા વિષય સુખોમાં આનંદને અનુભવતા જીવને ગ્રંથકાર અહીં ભલામણ કરે છે કે ''જે સત્તા સંપત્તિ સંબંધરૂપ સંસારના વિષયસુખોમાં તું આસક્ત લીન થઇને બેઠો છે આ બધા જળબિંદુની જેમ અતિશય ચંચળ છે... જેમ કમલના પત્રના અગ્રભાગમાં રહેલા પાણીના બિંદુઓ અતિયશ ચંચળ છે તેમ સંસારના વિષયસુખો અતિયશ ચંચળ છે... એ વાતને આપણે જાણશું એક સરસ મજાની કથાના આધારે....

એક નગરીમાં ધન નામનો એક મોટો વ્યાપારી રહેતો હતો... સંબંધ, સત્તા, સંપત્તિનો માલિક... માતા-પિતાનો એકનો એક દિકરો... એટલે ઘણા જ લાડથી ઉછરાયેલો... કોઇ વાતની કમી નહીં... ઘરમાં બધા એનું સાંભળે... ધંધામાં બધા એનું સાંભળે... અને સંપત્તિવાળો હતો એટલે સમાજમાં બધા એને ખૂબ માન આપે... એનું બધું સાંભળે... આ ધન એ બધામાં એટલો રાચી-માચી ગયો હતો કે એ બધી વસ્તુઓ અનિત્ય છે એ જ ભૂલી ગયો... એના સુખને જાણે નજર લાગી ગઇ...

એક દિવસ અચાનક એવો પ્રસંગ સામે આવ્યો કે એનાથી આ ધનની સત્તા-સંબંધ-સંપત્તિ બધું છિનવાઇ ગયું... કર્મસત્તા ક્યારે ક્યાં સ્વરૂપે આવે છે એ કોઇ કહી શકતું નથી... ધન જ્યારે જન્મ્યો હતો ત્યારે એમના ઘરે કામ કરતી એવી રસોયાણીને પણ પુત્રનો જન્મ થતો હતો... doctor ની એક ભૂલના કારણે આ બે નવા જન્મેલા બાળકોના જીવન બદલાઇ ગયા... ખરેખર આ સંસાર કર્મસત્તાનો માર ક્યારે કોને, કેવી રીતે લાગે એ કહી શકાતું નથી... રસોયાણીના ઘરે જન્મેલા ધન એમના માલિકના ઘરે ચાલ્યો ગયો હતો... જ્યારે વાસ્તવમાં સંપત્તિનો ધણી હતો એ રસોયાણીના ઘરે ચાલ્યો ગયો... એટલા વર્ષો સુખી જે વાત ગુપ્ત રહી એ અચાનક બધાની સમક્ષ ખુલી થઇ... ધનના માતા-પિતા-પત્નિ આદિ પરિવાર જનોને જ્યારે આ વાત ખબર પડી ત્યારે એ બધાને ધનને છોડી દિધો... માતા-પિતાને થયું કે આ અમારો પુત્ર જ નથી તો શું કામ અમારી સાથે રહે... જ્યારે પત્નિએ વિચાર્યું કે આવો નોકરનો પુત્ર મારો પતિ ન જ હોઇ શકે... એક ક્ષણમાં ઘરથી, પરિવારથી, વ્યાપારથી, સમાજથી આ ધન નિકળી ગયો... ક્યારેય ન વિચારેલું એવો પ્રસંગ ધનના જીવનમાં આવી ચઢ્યો... બસ હવે મરવું એ એક માત્ર ઉપાય ધનને દેખાયો... કારણ સંબંધ, સંપત્તિ, સત્તા વિનાનું જીવન જીવવું એ ધન માટે શક્ય જ નહોતું... માટે હવે ધન મરવા માટે તૈયાર થાય છે... બસ એ ખીણમાં પડી મૃત્યુને ભેટવાનો જ હતો ત્યારે જએક સંત એની રોકી લે છે... એને પૂછે છે કે શું કામ મરવા માટે ઉદ્યમ થયો છે ?... ધન એને પોતાની હકીકત કહી સંભળાવે છે... ત્યારે સંત એને સંસારની અનિત્યતા સમજાવે છે... સંત એને કહે છે કે ''સંસારમાં રહેલી સંબંધ, સંપત્તિ, સત્તાની ત્રિભંગી ચંચળ છે અનિત્ય છે જ્યારે આત્મા પાસે રહેલો સંબંધ, સંપત્તિ, સત્તાની ત્રિભંગી સ્થિર છે... નિત્ય છે... એને ક્યારેય કોઇ છિનવી શકતું નથી... આત્માના સંબંધ એટલે જીવ માટેનો મૈત્રી ભાવ, પરામાત્મા સાથેનો સંબંધ... આત્માની સંપત્તિ એટલે આત્માના અનંતા ગુણો... જ્યારે આત્માની સત્તા એટલે સ્વાધિન અવસ્થા... આ વાત સાંભળી  સંસારના ત્રિભંગી પાછળ રડતો તથા મરવા જતો એવો ધન આત્માના ત્રિભંગીને સાધવા તૈયાર થાય છે...

ધનતો આ વાતને સમજી ગયો પણ આપણે સમજ્યા....? આપણો પુરુષાર્થ કઇ દિશાએ છે... સંસારની ત્રિભંગી તરફ કે આત્માની ત્રિભંગી તરફ...? સંસારની ત્રિભંગી અનિત્ય છે જ્યારે આત્માની ત્રિભંગી નિત્ય છે... સંસારની ત્રિભંગીને કર્મસત્તા છિનવી શકે છે જ્યારે આત્માની ત્રિભંગીને છિનવાની તાકાત કોઇમાં નથી... બસ આજ વાતને સમજવાનો પ્રયત્ન આ ગાથામાં ગ્રંથકાર વડે કરાયો છે... કે દેખાવમાં ભલે શાશ્વત દેખાતા એવા પદાર્થો ક્યારે જલબિંદુની જેમ વિસ્મય પામી જાય છે એ કહી શકાતું નથી... સંબંધ, સંપત્તિ, સત્તા આ ત્રણે અશાશ્વતતા ગુણને ધારનાર છે... એવામાં શાશ્વતતા શોધનાર આપણે મૂઢ જ કહી શકાય... ક્યારેય અગ્નિ શિતલતા આપે...? નહીં જ બરાબર... કારણ અગ્નિમાં ઉષ્ણતા ગુણ છે તો એ શિતલતા કેવી રીતે આપી શકે... કોઇ વ્યક્તિ જખમ

ઉપર અગ્નિનો પ્રયોગ કરે... ? ના બરાબર... કારણ એ જાણે છે કે જખમ ઉપર શિતલતા આપનાર દ્રવ્યોનો પ્રયોગ થવો જોઇએ... અને અગ્નિમાં દૂર-દૂર સુધી શિતલતા નથી માટે અગ્નિનો પ્રયોગ વ્યર્થ છે... ઉલટું વધારે જોખમી છે... શાતાના બદલે અશાતા આપનાર છે... સુખને બદલે દુઃખ આપનાર છે... બસ સંસારના સંબંધ, સંપત્તિ, સત્તા પણ અનિત્યતા ગુણને ધારનાર છે... જો એને નિત્ય માની એની પાછળ દોડીએ તો છેવટે તો દુઃખ જ મળશે....!!!

પહેલી ભાવના એણી પરે ભાવીએ જી, અનિત્યપણું સંસાર,

ડાભ અણી ઉપર જલ બિંદુઓ જી, ઈંદ્રધનુષ્ય અનુહાર...

બાર ભાવના માંથી પ્રથમ અને સહુથી વધારે જરૂરી કોઇ ભાવના છે તો એ છે અનિત્ય ભાવના... જગતના અનિત્ય પદાર્થોની નોંધ કરાવતી આ ભાવના છે... આ સંસાર કેવો છે તો અનિત્ય છે... આ સંસાર કોના જેવો અનિત્ય છે તો ડાભ ઉપર રહેલા જલબિંદુ જેવો અનિત્ય છે... જેમ જલબિંદુની કોઇ guarantee નથી તેમ સંસારના પદાર્થોની કોઇ guarantee નથી...ગ્રંથકારનો આ ગાથા કહેવા પાછળનું તાત્પર્ય જ એ છે કે જીવ અનિત્ય પદાર્થો પાછળ પુરુષાર્થ આદરવાને બદલે શાશ્વત પદાર્થો પાછળ પુરુષાર્થ આદરે...

સંસારના સંબંધો અનિત્ય છે કારણ એ પુદ્ગલ સ્વરૂપ છે... જ્યારે આત્માનો સંબંધાદિ નિત્ય છે... કારણ એ ગુણસ્વરૂપ છે... પુદ્ગલ અશાશ્વત છે અને ગુણ શાશ્વત છે... માટે જ જીવ માત્રને સુખી કરવાની ઇચ્છા વાળા એવા ગ્રંથકાર આ ગાથામાં જીવને અશાશ્વત પદાર્થો પાછળ પુરુષાર્થ ન આદરવાની ભલામણ કરે છે...

આ ગાથાનો સાર જાણીએ તો આ ગાથામાં ગ્રંથકાર અનિત્યતા તરફની જીવની ગતિને અનિત્યતાના દર્શન કરાવે છે... એ સરસ મજાની ઉપમા વડે સંસારની અનિત્યતા દર્શાવે છે... આ અનિત્ય સંસારમાં શું... શું... છે એ જણાવે છે... બસ એ જાણી સમજી આપણને પુરુષાર્થ છોડવો નથી પણ એની દિશા બદલવાની છે... અનિત્યતાથી નિત્યતા તરફ... સંસાર પરથી આત્મા તરફ... અને જો એ દિશા બદલાશે તો પોતાની રીતે જ દુઃખમાંથી એ સુખ તરફ ગતિ કરશે...!!!

*નિષ્કર્ષ: -*

**સંસાર જલબિન્દુ સમ અનિત્ય છે અસ્થિર છે,**

**આત્મા અનંત ગુણ સ્વરૂપે નિત્ય છે તે સ્થિર છે,**

**સંસારના ત્રિભંગી માટે પુરુષાર્થ છે તે નિષ્ફળ છે,**

**આત્માના ત્રિભંગીનો પુરુષાર્થ છે તે સફળ છે...**

**तं कत्थ बलं तं कत्थ, जुव्वणं अंगचांगिमा कत्थ,**

**सव्वमणिज्यं पिच्छह, दिट्ठं नट्ठं कयंतेण...१५**

**ગાથાર્થ :** શરીરનું બળ ક્યાં ગયું...? તે જુવાની કયાં ગઇ...? શરીરનું સૌંદર્ય ક્યાં ગયું...? કાળ વડે તે સર્વે થોડા જ વખતમાં હતું ન હતું કરાયું છે... આથી તે સર્વે અનિત્ય છે... તેમ જુઓ...

**વિવેચન :** ''ગત ગાથામાં આપણા મોહના સ્વરૂપ સમાન સંબંધ, સત્તા, સંપત્તિની અનિત્યતા દર્શાવી... જ્યાં આ ગાથામાં બધાનું મૂળ કારણ, આપણા સહૂથી નજીકનો એવો આપણો દેહ, એની અનિત્યતા જણાવી છે... કદાચ સંબંધ, સત્તા કે સંપત્તિનો મોહ તોડવો હજી સહેલો છે પણ આ શરીરનો મોહ તોડવો જીવ માટે ઘણો મુશ્કેલ છે... આ શરીરનો મોહ એને ક્યાં ક્યાં રખડાવે છે, શું શું કરાવે છે એ પોતે એ જીવને સમજાતું નથી... શરીરને સુંદર, તાજો અને જુવાન રાખવા માટે જીવ શું કેટલા વ્યર્થ પુરુષાર્થ કરે છે એ તો એ પોતે નથી જાણતો... બસ એ જ વાતને જીવ સુધી પહોંચાડવાનું કામ આ ગાથા દ્વારા કરાયું છે... તો ચાલો ! આ ગાથા દ્વારા આપણી વાસ્તવિકતાને જાણવાનો એક પ્રયત્ન કરીએ...

એક ૫૯ વર્ષની સ્ત્રી changing room માં કપડા change કરી રહી હતી... Lipstick Powder આદિથી પોતાને જુવાન, તાજો, બનાવવાનો વ્યર્થ પુરૂષાર્થ આદરી રહી હતી... આરિસામાં પોતાને જોઇ બોલવા લાગી એટલે પોતાથી જ વાતો કરવા લાગી કે 'અરે વાહ ! હું કેટલી સુંદર લાગું છું... કોલ મને જોઇને માનશે જ નહીં કે હું ૫૯ વર્ષની છું, એ તો મને ૧૬ વર્ષની જ સમજશે.'' તૈયાર થઇ એ સ્ત્રી પાર્ટિમાં ગઇ... પાર્ટીમાં એની બૈઠક બર્નાડ શોની બાજુમાં જ આવી... અહીં ત્યાંની વાતો કરી એ બર્નાડ શો ને પૂછે છે કે ''આપ મારી ઉંમરનો શું અંદાજો લગાડશો.'' એ સ્ત્રીએ નાનો આકડો વિચાર્યો હતો... બર્નાડ શો બોલ્યા '' આપના મુખાકૃતિથી આપની ઉંમર ૭૮ વર્ષની લાગે છે... આપના માથાના બુખરાં વાળ જોઇને આપની ઉંમર ૭૯ વર્ષ ની લાગે છે. તથા આપના હાવભાવ ને નખરા જોઇ આપની ઉંમર ૧૪ વર્ષની લાગે છે... એ બધાનો સરવાળો કરીએ તો આપની ઉંમર ૫૭ વર્ષની હોવી જોઇએ'' ૫ફ પાઉડર આદિથી ક્યારેય આયુષ્ય વધતાની સાથે થતા એના પરિણામોને છુપાવી શકાતું નથી... આ એક કથા કે પ્રસંગ આ ગાથાનો સાર આપે છે... એને વિસ્તારથી સમજવાનો પ્રયત્ન કરીએ તથા અન્તે એ કથા તથા ગાથા શું કહેવા ઇચ્છે છે એ જાણીએ...

જન્મથી –મરણ સુધીની સફર એટલે જીવનનું એક ભવનું આયુષ્ય... જો કાળે મૃત્યુ થાય તો એની સારી ઉંમર એટલે ૯૦/૯૫ ગણી શકાય... અકાળ મૃત્યુની તો વાત જ નથી કરવી... ૯૦/૯૫ ની ઉંમરમાં જીવની વિવિધ અવસ્થાઓ હોય છે... બાળપણ, યુવાની, પ્રૌઢ અવસ્થા અને ઘડપણ... આ ચાર મુખ્ય અવસ્થાઓ જીવની એક જીવનમાં હોય છે... એમાંથી જીવની સહુથી પસંદગીની

અવસ્થા એટલે ''યુવા અવસ્થા...'' એ કોઇ પણ અવસ્થામાં હોય... પણ એનો પુરુષાર્થ યુવા અવસ્થાને જ પામવાનો હોય... બાળપણમાં હોય ત્યારે પણ રમત-ગમત રૂપે યુવાન અવસ્થાને જીવવાનો પ્રયત્ન કરે છે... પ્રૌઢ વયમાં કે ઘડપણમાં તો એ જાણે ભાન જ ભૂલી જાય છે... જુવાન અવસ્થાને ફરી પામવા માટે કમરતોડ મહેનત કરે છે... શરીરના બળને પાછું મેળવવા માટે જિમ જાય... ડાયટ કરે... સુંદર દેખાવવા માટે પાર્લરના ચક્કર કાટે... નવનવી સર્જરીઓ કરાવે... આ બધા પુરુષાર્થ કરી એ જુવાન અવસ્થાને પામવા, જીવવા માટે કરે છે... પણ એ ભૂલી જાય છે કે જુવાની, સૌંદર્ય, શરીરનું બળ એ ક્યારેય પાછું આવવાનું નથી... આજે તો એટલી ખરાબ પરિસ્થિતિ આવી ઉભી છે કે ૭૦ વર્ષના લોકોને કાય ન કરવાની બાધા અપાય છે... આ ૭૦ વર્ષના પુરુષ કે સ્ત્રી વાળને કાળા રાખી કોને બતાવવાના છે...? તોય જગતમાં આ ક્રિયાઓ આચરાય જ છે.. ગ્રંથકાર આ ગાથામાં એ જણાવવાનો પ્રયત્ન કરે છે કે શરીરનું બળ ક્યાં ગયું.... જુવાની ક્યાં ગઇ... સૌંદર્ય કયાં ગયું... ? કાળ વડે સર્વે હતું તે ન હતું કરાયું છે... એટલે શું...? જે નવાને જુનું કરે તે કાળ'' શાસ્ત્રમાં કાળની એવી જ વ્યાખ્યા કરાઇ છે... એને જો આ ગાથાને પદાર્થો સાથે જોડીએ તો તે બળવાળાને બળવિનાનો કરે, તે કાળ... જે જુવાન અવસ્થાને પ્રૌઢ તથા આગળ વધતા ઘડપણ સુધી પહોંચાડે તે કાળ... જે સૌંદર્યવાળાને સૌંદર્ય વિનાનો બનાવે તે કાળ... આ સૌંદર્ય, બળ, જુવાની આદિ બધા શરીર સાથે સંકળાયેલા છે... જો શરીર જ નિત્ય ન હોય તો એની સાથે જોડાયેલા આ પદાર્થો કેવી રીતે નિત્ય હોઇ શકે... શરીરમાં પ્રત્યેક સમય પરિવર્તન થાય છે... આપણે હર સમયે આ પરિવર્તનને ભોગવીએ છીએ પણ એ સૂક્ષ્મ હોવાના કારણે અનુભવાતો નથી... માટે એ વાતની આપણે ઉપેક્ષા કરીએ... શરીર પુદ્ગલોનું બનેલું છે... પુદ્ગલનો સ્વભાવ જ પુરણ અને ગલનનો છે તો એ પુરણ અને ગલન શરીરમાં પણ થાવનું જ... આ શરીરની અનિત્યતા જાણવા છતાં એને નિત્ય રાખવાનો વ્યર્થ પુરુષાર્થ આપણા દ્વારા રોજ આચરાય છે...

ભાન ભૂલેના જીવને ફરી ભાનમાં લાવવા માટે આ ગાથા રચાઇ છે... ગ્રંથકાર જીવને જાગૃત કરવાનો પુરુષાર્થ એક-એક ગાથા દ્વારા કરે છે... એમનો પુરુષાર્થ વ્યર્થ તો નહીં જશે ને...? એ આપણા ઉપર નિર્ભર છે...

સુંદર એ તન્ શોભા કારમી જી, વિણસંતાં નહિ વાર,
દેવતણે વચને પ્રતિબુઝીઓ જી, ચક્રી સનતકુમાર..

ઇન્દ્ર મહારાજાના રૂપની તુલનાએ પણ જેનું રૂપ અતિશય સુંદર હતુ એવા સનતકુમાર ચક્રીનુ રૂપ પણ નિત્ય ન રહ્યું... દેવો પાસેથી જ્યારે ખબર પડી કે એમનુ રૂપ પહેલા જેવું નથી રહ્યું પણ હવે એવા ૭૬ મહારોગો ઉત્પન્ન થયા છે ત્યારે સંસારને tata-bye-bye કરી એ સાધના માર્ગે નિકળી પડ્યા... જો શરીરની અનિત્યતા ન સમજાય હોત તો એને ઠીક કરવા માટેના ઘણા ઉપાયો એમની પાસે

હતા... એ કોઇ સામાન્ય વ્યક્તિ નથી પણ છ ખંડના અધિપતિ છે... દેવો પણ જમેની સેવામાં હાજર હોય એવા મહાપુરુષ છે... શરીર ઉપર ગાઢ રાગ હોવા છતાં એની અનિત્યતા સમજાઇ એટલે તરત એ શરીરના મમત્વને છોડી આત્મ સાધના માટે ઉદ્યમવંત થયા... આપણી પરિસ્થિતિ શું છે... શરીરમાં રોગ આવે એ વાતતો દૂરની પણ કાળના ફળ રૂપે પ્રૌઢ અવસ્થા કે ઘડપણ આવે છે ત્યારે આપણા પગ ક્યાં વળે છે...?

દેરાસર, ઉપાશ્રય તરફ કે જિમ, પાર્લર તરફ... આ એક પ્રશ્નનો ઉત્તર ઘણી વાતોનો ખુલાસો કરે છે... આપણી અંદરની રૂચી, સમજણની સ્પષ્ટતા આપે છે...

શરૂઆતમાં આપણે એક ૫૭ વર્ષની સ્ત્રીની કથા જોઇ... એ કથાનો આ ગાથા સાથેનો શું સંબંધ છે... ? આ ૫૭ વર્ષની સ્ત્રી પોતાને ૧૬ વર્ષની યુવાન કન્યા સ્વરૂપ બનાવવા ઇચ્છતી હતી... પોતે તો જાણે કે 'હું ૫૭ વર્ષની છું પણ બધાને દેખાડવું નથી કે હું ૫૭ વર્ષની છું'... આ અનિત્ય કાયામાં નિત્યતા શોધવાનો પ્રયત્ન છે... કદાચ કોઇ કહીં દે કે 'સાચે તમે ૧૬ વર્ષના લાગો છો...' પણ એનાથી કાઇ એની કાયા ૧૬ વર્ષની નથી થવાની... બર્નાડશોની વાત સાંભળી એ ૫૭ વર્ષની સ્ત્રીએ પોતા દ્વારા આચરાતા, પોતાને યુવાન બતાવવાના વ્યર્થ પુરુષાર્થ તજી દીધા... આ ગાથા વાંચી આપણે શું છોડી દીધું....?

આ ગાથાનો સાર સમજીએ તો ગ્રંથકાર જીવને ભલામણ કરે છે કે રે જીવ ! તું જે રોજે આ શરીરને તાજો, નવો રાખવાનો પ્રયત્ન કરે છે તે વ્યર્થ છે.. કારણ શરીરનું બળ, શરીરની સૌંદર્યતા, યુવાની એ બધું જ કાળના પ્રભાવે હતું તે ન હતું કરાય છે... અર્થાત્ એ બધું અનિત્ય છે... એના પાછળ કોઇ પણ રીતે પુરુષાર્થ કરવાનો પ્રયત્ન... ફરી યુવાની આપાવવા માટે સમર્થ નથી....!!!

*નિષ્કર્ષ : -*

**પુદ્ગલસ્વરૂપ શરીર છે અનિત્ય છે અશરણ છે,**
**શરીર માટે કરાતો પુરુષાર્થ વ્યર્થ છે Waste છે,**
**ચૈતન્યસ્વરૂપ આત્મા છે નિત્ય છે શરણ છે,**
**આત્મા માટે કરાતો પુરુષાર્થ અર્થ છે best છે,**

श्री मज्जय शेखरसूरिविरचिता

तीर्थाधिराज श्री शत्रुंजयतीर्थस्तुति गर्भिता - द्वात्रिंशिका

# આદેશ્વર અલબેલો રે...( ગાથા ૧૭ થી ૨૪ )

**मेघेन मुक्तं तव शैलमौला - वधोवियासज्जलमश्रुवारि ।**

**क्षधित्यकायामिह नित्यरंगैः शुंगैस्तु लेभे किमु कूटनाम ? ।।१७।।**

આપના પર્વતના શિખરે મેઘ વડે મુકાયેલ એવું અશ્રુરુપી જલ નીચે પર્વતીય ઉપરિતન ભાગે જવાને ઇચ્છતું હતું એવા આ ઉપરિતન ભૂભાગને વિષે રહેલા નિત્ય વિવિધ વર્ણમય - વિવિધરંગી શિખરો વડે કપટાર્થવાચી ''કૂટ'' એ પ્રમાણે નામ કેમ પ્રાપ્ત કરાયું ?

**न यान्ति ये गोत्रममुं विहाय, विहायसस्सन्तु, चिरायुषस्ते ।**

**किं तैर्नरैरऽप्यऽफलावतारै - र्नालोकि यैस्तीर्थमदोऽपवोषम् ।।१८।।**

જે પક્ષીઓ આ ગિરિરાજને છોડીને અન્યત્ર ક્યાં પણ જતા નથી તે પક્ષીઓ સ્વર્ગમાં દેવ થાઓ. વળી જેઓ વડે ચાલ્યા ગયા છે દોષો જેમાંથી એવું નિર્મલ - નિર્દોષ આ ગિરિરાજ તીર્થ જોવાયું નથી નિષ્ફલતાવતાર એવા તે માણસો વડે સર્યું...

**कर्पूरपारीभिरुताऽमृतांशो, रुग्भिः सुधावारिधि वीचिभिर्वा ।**

**पुण्याणुभिर्वा घटितेति चेतः सन्देग्धि शुभ्रां तव वीक्ष्य मूर्तिम् ।।१९।।**

આપની આ મૂર્તિ શું કપૂરની કિનારીઓ વડે ઘડાયેલી છે ? અથવા શું ચંદ્રના કિરણો વડે ઘડાયેલી છે ? ફરી શું ક્ષીર સમુદ્રની લહરી... ઉર્મિઓ વડે ઘડાયેલી છે ? કે પુણ્ય (કર્મ પ્રકૃતિઓના) કાર્મણ વર્ગણાના પરમાણુઓ વડે ઘડાયેલી છે ? એ પ્રમાણે આપની ઉજ્વલ પ્રતિમાને જોઇને મન શંકા કરે છે.

**केचित्तवोपास्तिविधौ प्रमोदं, वरे प्रमादं च दधत्यऽधन्याः ।**

**द्वचेऽपि ते कौशिकतां लभन्ते, स्वर्गे विनैनं गिरिमद्रिदुर्गे ।।२०।।**

આપની આરાધનાની વિધિમાં કેટલાક ધન્ય પુરુષો પ્રમોદ (હર્ષ) ને ધારણ કરે છે... બીજા કેટલાક અધન્ય... મંદભાગી પુરુષો પ્રમાદ (અરુચિ) ને ધારણ કરે છે. પરંતુ તે બન્ને પણ ધન્યાધન્ય પુરુષો તુલ્યરૂપથી કૌશિકતાને પ્રાપ્ત કરે છે તેમાંથી ધનય સ્વર્ગમાં કૌશિકતા (ઇન્દ્રપણું) પ્રાપ્ત કરે છે વળ

અધન્ય પુરુષો આ ગિરિની આરાધના વિના પર્વતના કિલ્લામાં કૌશિકતા (અર્થાત્ ઘૂવડ પક્ષી પણા)ને પ્રાપ્ત કરે છે.

**त्वं देव ! तावद्वृषभाभिधानः, पंके निमग्नश्च जनो जिनाऽयम् ।**

**मामार्त्तमुध्दर्चुमतो चतस्व, स्वनामवामो हि किमुत्तमः स्यात् ? ।।२१।।**

સર્વ પ્રથમનો, હે જિનરાજ ! હે વીતરાગ ! તું વૃષભ છે નામ જેનું એવો છે. અને આ પામર જીવ (દુઃખ સ્વરૂપ) કાદવમાં ખૂંચેલો છે... ગળાડૂબ છે. આથી જ દુઃખથી પીડીત એવા મને દુઃખસ્વરૂપ કાદવમાંથી બહાર કાઢવામાં જેવા નામ તેવા ગુણવાળો-નિવર્હન સમર્થ વૃષભ એવો તું પરૂષાર્થ કર... (પ્રયત્ન) આપની કૃપાથી ખરેખર સ્વનામથી વક્ર (અભવક્ર એવો) આ પામર જીવ શું ઉત્તમ થાય ? (થઇ શકે કે નહીં ?)

**चिरादसञ्चारतरः शिवाऽध्वा, त्वया तवाऽवाहि महोर्जितेन ।**

**प्रायः स्खलन्ति स्म न बाल वृध्दा, काकिनोऽप्यऽत्र यथा चरन्तः ।।२२।।**

હે નાથ ! લાંબા સમયથી તદ્દન સંચાર રહિત એવો આ સિદ્ધગિરિ સ્વરૂપ (અથવા દેશવિરતિ... સર્વવિરતિ સ્વરૂપ) શિવમાર્ગ... મોક્ષમાર્ગ... કલ્યાણમાર્ગ મહાપરાક્રમશાળી એવા તારા વડે એવી રીતે વહેતો કરાયો કે જે પ્રમાણે અહીં (વિમલાચાલમાં અથવા દેશવિરતિ-સર્વવિરતિ) માર્ગમાં એકલ-દોકલ ચાલતા એવા બાલ કે વૃદ્ધ જીવો (સાધકો-દીક્ષિતો) પ્રાયઃ સ્ખલના પામતા નથી.

**भावारिभीत्या श्रितमुक्तिदुर्गे, वीरः कुले ते स मरीचिरेकः ।**

**कृत्वा पुरो यो भवभीतलोक माद्ःखमारं स्वयमार मोक्षम् ।।२३।।**

ભાવશત્રુ (રાગાદિ)ના ભયથી આશ્રય કરાયો છે મુક્તિરૂપી દુર્ગ જેના વડે એવા તમારા કુલમાં તે વીર મરીચિ થયો જે વીર (શ્રમણ ભગવાન મહાવીર) થઇને દુઃખમ્ આરાના અંત સુધી સંસારથી ભય પામેલા લોકોને આગળ કરીને સ્વયં પણ મુક્તિમાં ગયા...

**मोक्षं त्रिलोकीलतिकाशिरः स्थं, फलं सुधा स्वाद् जिधृक्षुरेनम् ।**

**निःश्रेणिकावद्गिरिमारुराह, मोहादिगृध्रो धुनुते पुनर्माँ ।।२४।।**

ત્રિજીવન એવી વેલડીના ટોચે રહેલા અમૃત જેવા મધુર એવા મોક્ષરૂપી ફળને માટે ઇચ્છા છે જેની એવો હું નિસરણી જેવા આ ગિરિરાજ પર આરોહણ કરું છું. તો પણ વળી મોહાદિક ગીધ (પક્ષી) મને ધ્રુજવે છે... કંપાવે છે...

# અષ્ટોતર શતકુટ

કર્મભૂમિ.... આર્યક્ષેત્ર....
પુણ્યભૂમિમાં પાપાત્મા... વીર રાજા....
હિંસામાં ભાનભૂલેલા... સાત વ્યસનમાં પાગલ બનેલા રાજવી...
પાપમાં રાચતાં... પાપ કરીને રાજી થતાં રાજવી...

પરંતુ પુણ્ય એવું જાગૃત હતું કે પૂર્વભવની બેન જે દેવી બની હતી એને પોતાના ભાઇ રાજવીની ભાવદયા આવી... મારો વીરો... મારો ભાઇ પાપ કરીને કેવી દુર્ગતિમાં જશે ? કેવા દુઃખ ભોગવશે? મારા ભાઇનું ભવિષ્ય સુધારૂં... મારા ભાઇને દુર્ગતિથી બચાવું... મારા ભાઇને પાપમાર્ગથી અટકાવી ધર્મના માર્ગે... આત્મકલ્યાણના માર્ગે આગળ વધારૂં...

આવી બેનને પામવા આપણે પુણ્યશાળી બન્યા છે કે કેમ ? પોતાની જાતને પૂછીએ... ભવોભવ બધાને આવી બેન મળે એવી ભાવના ભાવીએ...

રાજમહેલના સુખમાં મસ્ત બનેલા રાજવીને બેન દેવીએ નિર્જન વનમાં... ભયાનક જંગલમાં એકલો મૂકી દીધો... પુણ્યનો ઉદય પૂર્ણ થયો... પાપનો ઉદય જાગૃત થયો... સુખો હાથમાંથી સરકી ગયાં... દુઃખ વિપત્તિ-કષ્ટની પરંપરા સામે દેખવા લાગી... રાજાને પોતાના પાપ યાદ આવવા લાગ્યા... પાપોનો પશ્ચાતાપ થવા લાગ્યો...ભૂખ-તરસ - તડકા સહન કરવાથી અને ચોધાર આંસુએ કરેલા પશ્ચાતાપથી આત્મા હળુકર્મી બન્યો... જંગલમાં મહાત્માનો સત્સંગ મળ્યો... ગિરિરાજનો મહિમા જાણવા મળ્યો... એના સ્પર્શ માત્રથી પાપી પણ પાવન બની જાય... દુઃખ-દુર્ગતિનો નાશ થઈને સુખ-સદ્ગતિનું સર્જન થાય છે જાણીને ગિરિરાજની સ્પર્શનાના ભાવ જાગ્યા... ગિરિરાજની સ્પર્શનાનું ભાગ્ય જાગ્યું... આત્મા પવિત્ર બન્યો... રાજ્ય પાછું મળ્યું...

મુનિરાજનું સાનિધ્ય મળ્યું... એમના મુખે ગિરિરાજનો મહિમા શ્રવણ કરવા મળ્યો... મુનિરાજ પાસેથી હિંસા એવં સાત વ્યસનના ત્યાગની પ્રતિજ્ઞા કરી... છટ્ઠના પારણે છટ્ઠ કરવાનો અભિગ્રહ લીધો... જીવનની દિશા અને દશા બદલાઇ ગઇ... ગિરિરાજના ૧૦૮ શિખરો ઉપર અનેક મહાત્માઓ મોક્ષે ગયા છે એથી વીર રાજવીએ પ્રત્યેક શિખર ઉપર એક એક જિનપ્રાસાદનું નિર્માણ કર્યું... એવી રીતે એકસોને આઠ જિનપ્રાસાદ બનાવ્યા જેથી ગિરિરાજનું 'અષ્ટોત્તરશતકુટ' એવું નામ પ્રસિદ્ધ થયું..

રાજ્યયોગ્ય બનેલા પુત્રનો રાજ્યાભિષેક કરી વીરાજાએ દીક્ષા ગ્રહણ કરી... રત્નત્રયીની સુંદર આરાધના કરી ત્રણ લાખ મુનિઓ સાથે ગિરિરાજ ઉપર નિર્વાણ પદને પામ્યા...

પાપીને પવિત્ર બનાવનાર ગિરિરાજની સ્પર્શના દ્વારા આપણા પાપ પખાળી આત્મનિર્મળતાના સ્વામી બનીએ....

# જયલક્ષ્મી બાગ

## ગુરુપદ મહિમા

વિશ્વની અજોડ શક્તિ છે ગુરુ !

જીવનું જ્યારે સદ્ભાગ્ય જાણે છે ત્યારે જ જીવનમાં ગુરુનો સુયોગ પ્રાપ્ત થાય છે... સદ્ગુરુ મળી જાય છે. પરંતુ સદ્ગુરુ ફક્ત મળી જવાથી કાર્ય થતું નથી કાર્યસિદ્ધિ માટે મળેલા ગુરુ ફળવા પણ જોઇએ. અનાદિ કાળથી શું આપણને સદ્ગુરુ નહીં મળ્યા હોય ? મળ્યા હોય તો ફળ્યા કેમ નહીં ? આપણા જીવનમાં એવું ક્યું તત્વ ખુચ્યું જેથી સદ્ગુરુની પ્રાપ્તિ છતાં ઇચ્છિત કાર્યની સિદ્ધિ ન થઇ...?

ચિંતન અને મનના ઉંડાણમાં જઇશું તો ખુટતું તત્વ સમજાશે સદ્ગુરુ મળી જાય પરંતુ જો એમના પ્રત્યે શ્રદ્ધા અને સમર્પણ ન આવે ત્યાં સુધી બધું જ નિષ્ફળ છે...

ગુરુ ભક્તિ એ યોગનું સાધન છે...

ગુરુનું સ્થાન ઘણું મોટું છે, કહ્યું છે કે,

**''ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકું લાગે પાય;**
**બલિહારી ગુરુ દેવકી, જિને ગોવિંદ દિયો બતાય...''**

પ્રભુ કરતાં ગુરુને મોટા બતાવ્યા છે... શા કારણથી ?

પ્રભુની ઓળખ કરાવનાર ગુરુ છે. એવા ગુરુની ભક્તિ કરીને શિષ્ય તરી શકે છે...

ગુરુમાં પૂજ્ય બુદ્ધિ રાખીને સેવા-ભક્તિ કરનાર નમ્ર-વિનયવાન શિષ્યને ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત થાય છે. પણ શિષ્યની અચલ શ્રદ્ધા હોવી જોઇએ કે ગુરુ મારા હિતકર્તા છે. તેમાં દોષ માત્ર હોય જ નહિં...

પ્રેમ-ભક્તિનો આદર્શ સ્વ-કર્તવ્યને જોવાનો છે. પણ ઉપાસના કરનારના દોષોને નહિં... પવિત્ર પ્રેમ જ્યાં હોય ત્યાં દોષો જોઇ શકાતા નથી....

શિષ્ય એટલે '' **સમર્પણની મૂર્તિ**''

ગુરુ આજ્ઞા તે જ જિનાજ્ઞા છે... પરંતુ આજ્ઞા પાલન કરવામાં ભેદ છે... જે આજ્ઞાનું પાલન પ્રેમ, ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહ પૂર્વક થાય છે તે જ પાપકર્મ ધોઇ શકે છે. રહસ્ય જ્ઞાન વિના આજ્ઞાનું પાલન જે વેઠ તરીકે ન છૂટકે થાય તે કંઇ ભક્તિ નથી... ભક્તિ તો પ્રેમ અને ઉત્સાહ પૂર્વક જ થઇ શકે છે... ભક્તિને યોગ કહેવાયું છે. જે તેનો રહસ્ય જાણીને અહંકાર તજીને સ્વકલ્યાણાર્થે ગુરુની સેવા કરે, ભક્તિ કરે, તો જ પોતાનો વિકાસ પામે છે.

પોતાના આત્મોત્થાન માટે ગુરુ ઉપર કેવી શ્રદ્ધા શિષ્યની હોય છે તે જોઇએ...

એક ગુરુશિષ્ય વિહાર કરતાં કરતાં એક જંગલમાં રાત્રિવાસ રહ્યા હતા... વિહારમાં શ્રમના કારણે શિષ્યને રાત્રે જલ્દી ઉંઘ આવી જાય છે... પણ ગુરુને નિદ્રા આવતી નથી. એટલે ગુરુ પ્રભુના ધ્યાનમાં બેઠા છે...

ત્યાં અચાનક એક કાળો મોટો નાગ ત્યાંથી નીકળ્યો. અને જ્યાં શિષ્ય સૂતેલો છે તેની તરફ આગળ વધ્યો... ગુરુએ પોતાના જ્ઞાનબળથી જાણ્યું અને સર્પને કહ્યું, ''કેમ, ક્યાં જાય છે ?'' સર્પે કહ્યું, ''તારા શિષ્યની પાસે, તેની સાથે મારે વૈર છે. એટલે તેના પ્રાણ લેવા જઇ રહ્યો છું.''

ગુરુએ સર્પને કહ્યું, '' તું માંગે તેટલું લોહી તેના શરીરમાંથી કાઢી આપું, પછી તો તારો વેર શાંત થશે ને ?''

સર્પે હા કહ્યું, ગુરુ શિષ્યની છાતી પર બેસી લોહી કાઢવા લાગ્યા. ભરનિદ્રામાં સૂતેલા શિષ્ય જાગી ગયો. ગુરુજીને જોઇ પુનઃ આંખો મીંચી નાખી. ગુરુએ લોહી કાઢી સર્પને તૃપ્ત કર્યો... તે ત્યાંથી ચાલ્યો ગયો... સવારે ગુરુએ શિષ્યને પ્રશ્ન કર્યો, ''રાત્રે તું સૂતો હતો ત્યારે તારા મનમાં શો વિચાર આવ્યો હતો ?'' શિષ્યે ઉત્તર આપ્યો, '' **મમ લાહો પેહાઈ**''– ''ગુરુજી જે કરતાં હશે તે મારા હિતાર્થે જ હશે.'' એમ જાણી હું નિઃશંકપણે સૂઈ રહ્યો...

અહો ! '' શી દઢ શ્રદ્ધા...!'' જ્યાં શ્રદ્ધા છે ત્યાં જ સફળતા છે. ડૉક્ટર ઉપર શ્રદ્ધા હોય તો ડૉક્ટરની દવા કામ લાગે અને દર્દ દૂર થાય શ્રદ્ધા ન હોય તો તેમાં પણ સફળતા ન મળે... ગુરુ પ્રત્યક્ષ શરીરમાંથી  લોહી કાઢી રહ્યાં હતાં છતાં શિષ્યની નિર્મળ શ્રદ્ધામાં અંશ માત્ર શંકા ન આવી કે આ શું કરતા હશે ? મારા પ્રાણ તો નથી લઇ રહ્યા ને?

આજના સમાજને આ વાત અવિશ્વસનીય લાગશે. પણ જેણે યોગનું જ્ઞાન પ્રાપ્ત કરેલ છે. માનસશાસ્ત્રનો અભ્યાસી છે, તત્વનો જાણકાર છે. તે જ આ રહસ્ય સમજવા સમર્થ છે.

આવી વિશુદ્ધ શ્રદ્ધા વિશુદ્ધ અંતરમાં જ પ્રગટે છે. અને તે દિવ્ય શ્રદ્ધા જ માનવને તારનારી બને છે...

અંતર નિરીક્ષણ કરીએ... શું હું આવી અપૂર્વ–અજોડ–અખંડ શ્રદ્ધાનો સ્વામિ છું ?

ગુરુ તત્વના અપરંપાર મહિમાને સમજવા આપણી બુદ્ધિ અને શ્રદ્ધા રૂપી ફુટપટ્ટી  ટુંકી પડે છે. છદ્મસ્થ ગુરુ પણ પોતાના શિષ્યોને કેવળ જ્ઞાનની પ્રભાવના કરી શકે છે એ તો ગુરુ ગૌતમને જે ઓળખે તે જ સમજી શકે... ગુરુ પદના અવર્ણનીય મહિમાને સમજાવવા તો શાસ્ત્રોએ કહ્યું–

**ગુરુ નાનો, ગુરુ મોટો કહીએ; રાજા પરે તસ આણા વહીએ.**

ચાલો ! ગુરુપદના સાચા મહિમાને જાણી અતુટ શ્રદ્ધા અને અમર સમર્પણના સ્વામિ બનીએ...

# મુક્તિ કણિકાઓ

### સુપાત્રમાં દાનથી થતાં લાભો...

◈ ચારિત્રની પ્રાપ્તિ થાય છે...
◈ વિનયની વૃદ્ધિ થાય છે...
◈ જ્ઞાનની ઉન્નતિ કરે છે, વિકસાવે છે...
◈ સમતા પ્રાપ્ત કરાવે છે, તપનું સામર્થ્ય આપે છે.
◈ શાસ્ત્ર જ્ઞાન વધારે છે..
◈ પુણ્યના કંદનો વિસ્તાર થાય છે...
◈ પાપનો નાશ કરે છે...
◈ સ્વર્ગ આપે છે...
◈ મોક્ષની પ્રાપ્તિ પણ ક્રમથી થાય છે.

### તપના પ્રભાવથી પ્રાપ્ત થતી વસ્તુઓ

❖ વિઘ્નની પરંપરા નાશ પામે છે..
❖ દેવો દાસપણું કરે છે...
❖ કામ-વાસના શાંત થાય છે...
❖ ઈન્દ્રિયોનો સમુહ વશ થાય છે...
❖ કલ્યાણ સુખ વધે છે...
❖ મહા ઋદ્ધિઓ પ્રગટ થાય છે...
❖ એકઠા થયેલા કર્મનો નાશ થાય છે...
❖ સ્વર્ગને સ્વાધીન કરે છે...
❖ મોક્ષ પ્રાપ્ત થાય છે...

### સુપાત્રમાં જે દાન આપે છે તેને...

◈ દારિદ્ર પણું આવતું જ નથી...
◈ દૌભાગ્ય.. તેની પાસે આવતું નથી...
◈ અપયશ થતો નથી...
◈ પરાભવ થતો નથી...
◈ વ્યાધિ થતી નથી...
◈ દીનતા પામતાં નથી...
◈ કેદખાનાની પીડા આવતી નથી...
◈ આપત્તિઓ કલેશશ પમાડતી નથી...

### તપમાં કર્મના નાશનું સામર્થ્ય

❖ જેમ દાવાગ્નિ વિના બીજો અગ્નિ જંગલને બાળી શકતો નથી.
❖ જેમ દાવાગ્નિને વરસાદ વિના બીજો કોઈ શાંત કરી શકતો નથી...
❖ જેમ પવન સિવાય વાદળને કોઈ ખસેડી શકતું નથી...
❖ તેમ કર્મના સમૂહને તપ વિના બીજો કોઈ નાશ કરી શકતું નથી...

### સુપાત્રદાનું ફળ

◈ લક્ષ્મીતેની પાસે રહેવા ઈચ્છે છે...
◈ બુદ્ધિ એને શોધતી આવે છે...
◈ કીર્તિ એની સામે આવે છે...
◈ પ્રીતિ એને ભેટે છે... સુભગતા એની સેવા કરે છે...
◈ શરીરમાં નિરોગીતા આવે છે..
◈ કલ્યાણનો સમૂહ -સર્વ શુભનો સમૂહ એને મળે છે
◈ સ્વર્ગના સુખો મળે છે.. મુક્તિ એની ઈચ્છા કરે છે...
◈ જે પુણ્ય માટે પોતાનું ધન સુપાત્રમાં આપે છે તેને આ વસ્તુ સામેથી મળે છે..

### તપ વૃક્ષનું સ્વરૂપ

◈ સંતોષ રૂપી જાડું મૂળ છે...
◈ પ્રશમ યુક્તતા એ સ્કંધ થડ છે...
◈ પાંચ ઈન્દ્રિયનું દમન એ શાખાઓ છે...
◈ નિર્ભયતા રૂપ પાંદડા છે...
◈ શીલની સંપત્તિ એ કુંપળો છે...
◈ શ્રદ્ધારૂપ પાણીના પુરથી સિંચાયેલા વૃક્ષની શોભા તરીકે કુલ-બલ-ઐશ્વર્ય-સૌદર્ય છે...
◈ સ્વર્ગાદિની પ્રાપ્તિ એ પુષ્પ છે...
◈ મોક્ષ રૂપી ફલને આપે છે.
આવો આ તપવૃક્ષ છે...

# મુક્તિ કણિકાઓ

## અહિંસાથી થતાં લાભ...
### જીવો પ્રત્યે દયા કરવાથી

◈ અતિ દીર્ઘ આયુષ્ય મળે છે.
◈ શ્રેષ્ઠતર શરીર મળે છે...
◈ ઉચ્ચતમ ગોત્ર મળે છે...
◈ અત્યંત ધન મળે છે. ◈ અત્યંત બળ મળે છે..
◈ બીજાઓથી ચઢિયાતો દરજ્જો મળે છે...
◈ રોગાદિ વગરનું આરોગ્ય મળે છે...
◈ ત્રણ જગતમાં પ્રશંસનીયપ પણું મળે છે...
◈ સંસાર સમુદ્રને સહેલાઈથી તરી શકાય છે...

## અસત્ય વચન ન બોલવાથી થતાં લાભો
### જે સત્ય વચન બોલે છે તેને

◈ અગ્નિ બાળતો નથી...
◈ સમુદ્ર ડુબાડતો નથી...
◈ શત્રુ મિત્ર જેવો થાય છે...
◈ દેવો નોકર થાય છે.. જંગલ પણ નગર થાય છે...
◈ પર્વત પણ ઘર થાય છે... ◈ સાપ પુષ્પની માળા બને છે.
◈ સિંહ હરણ જેવો થાય છે...
◈ શિકારી પશુ આપણાથી ડરનાર થાય છે...
◈ શસ્ત્ર પણ કમળનાં પાંદડાની જેમ પીડા કરનાર ન થતાં સુખનું સાધન બને છે...
◈ ઝેર પણ અમૃત થાય છે...
◈ પ્રતિકૂળ ભાવો સાનુકૂળ થાય છે...

## અદત્તાદાનથી થતાં નુકસાનો..

◈ ઉત્પન્ન કરેલ કીર્તિ અને ધર્મ નાશ પામે છે..
◈ વધ-બંધનાદિ દુઃખો પ્રગટ થાય છે...
◈ સર્વ પાપોનું કારણ છે દરિદ્રતા, દોર્ભાગ્યપણું પ્રાપ્ત થાય છે..
◈ અશુભ અધ્યવસાયોને જગાડે છે.
◈ લડાઈ -કજીયાને વધારે છે...
◈ દુર્ગતિમાં જવા માટેનો માર્ગ છે..
◈ બીજાના મનને પીડાનું મુખ્ય સ્થાન બને છે...
◈ બીજાની માનહાનિનું સ્થાન બને છે...

આ કારણોથી સુજ્ઞ જીવે અદત્ત ન ગ્રહણ કરવું જોઈએ...

## બ્રહ્મચર્યથી થતાં લાભ

◈ અગ્નિ પણ પાણી થઈ જાય છે...
◈ સાપ પુષ્પની માળા થાય છે...
◈ વાઘ-હરણ જેવો થાય છે...
◈ પર્વત પણ પથ્થરનાં ટુકડાં જેવો કાર્ય અબાધક થાય છે.
◈ ઝેર અમૃતનું કાર્ય કરે છે...
◈ વિઘ્ન પણ ઉત્સવરૂપ થાય છે...
◈ શત્રુ પણ સ્નેહ કરે છે...
◈ જંગલ પણ પોતાના ઘર જેવું મંગલમય બને છે.
◈ સમુદ્ર પણ સરોવર બને છે...

## પરિગ્રહના નુકસાનો

◈ ચિત્ત સંકલેશ અને પાપને ઉત્પન્ન કરે છે.
◈ ધર્મ વૃક્ષને મૂલથી ઉખેડી નાખે છે...
◈ નીતિ-દયા-ક્ષમા રૂપી લક્ષ્મીનો નાશ કરે છે...
◈ લોભરૂપી સમુદ્રને વધારે છે...
◈ મર્યાદા રૂપી કીનારાને તોડી-ભાંગી નાખે છે...
◈ પ્રશમ-સમતા-શાંતતાનો નાશ થાય છે...
◈ મોહનું રાગ-દ્વેષ અજ્ઞાનનું વિશ્રામ સ્થાન છે.
◈ પાપોની ખાણ છે... આપત્તિનું સ્થાન છે..
◈ કલહ-કંકાસનું કેલીગૃહ -રમવાનું ઘર છે.

આવો પરિગ્રહનો નિઃસ્પૃહ આત્માએ ત્યાગ કરવો જોઈએ...

## ક્રોધથી થતાં નુકસાનો

◈ સંતાપને કરાવે છે.
◈ વિનયનો નાશ કરે છે...
◈ સહદયતા સજ્જનતા-મિત્રતાને દૂર કરે છે...
◈ ઉદ્વેગને ઉત્પન્ન કરે છે...
◈ પાપ યુક્ત વચનને જન્મ આપે છે...
◈ કજીયાને ઉત્પન્ન કરે છે... કીર્તીને કાપી નાખે છે...
◈ પુણ્યોદયને હરી નાખે છે.. દુર્મતિને વિસ્તારે છે...
◈ કુગતિને આપે છે...

સજ્જન પુરૂષોએ આવા ક્રોધને છોડવો ઘટાડવો ઉચિત છે...

# મુક્તિ કણિકાઓ

**મોક્ષ પ્રાપ્તિ માટે શું કરવું ?**

◈ પરમાત્માની ભક્તિ...
◈ શ્રી ગુરુની ભક્તિ...
◈ શ્રી જિનમતમાં શાસનની ભક્તિ...
◈ શ્રી સંઘની ભક્તિ
◈ હિંસાદિ પાંચ મહા આશ્રવોથી અટકવું...
◈ ક્રોધાદિ ચાર કષાયનો જય કરવો...
◈ સજ્જનતાને આચરવી...
◈ ગુણવાનનો સંગ... પરિચય... સંપર્ક કરવો...
◈ ઈન્દ્રિયોનો દમન કરવું...
◈ દાન, તપ, ભાવના, વૈરાગ્યને ધારણ કરવું...

**જિન-ભક્તિના ફળ...**

◈ પાપોનો નાશ કરે છે...
◈ દુર્ગતિને દૂર કરે છે...
◈ આપત્તિઓનો નાશ કરે છે...
◈ પુણ્યને સંચિત કરે છે...
◈ લક્ષ્મી-કાંતિને વિસ્તારે છે...
◈ નીરોગીપણું પ્રાપ્ત થાય છે...
◈ સૌભાગ્યપણું પ્રાપ્ત થાય છે...
◈ પ્રીતિને વિકસીત કરે છે...
◈ યશને જન્મ આપે છે...
◈ સ્વર્ગ અને મોક્ષને આપે છે...
પ્રભુ પૂજા કરનારને આટલાં લાભ થાય છે...

**માનરૂપી હાથીથી થતાં નુકશાનો...**

◈ શમ-શાંત પરિણામ વાળાને ભાંગી નાખે છે...
◈ નિર્મળ બુદ્ધિની સાંકળને તોડી નાખે છે...
◈ ખરાબ વાણીરૂપી ધૂળને ઉછાળે છે...
◈ આગમ વચન રૂપી અંકુશની અવગણના કરે છે...
◈ પૃથ્વી ઉપર સ્વચ્છંદ ફરતો વિનય અને નીતિ મર્યાદાના માર્ગોને ભાંગી નાખે છે.
◈ ઔચિત્ય આચરણનો નાશ કરે છે...
◈ માનથી વિનયનો નાશ થાય છે...
◈ કીર્તીને મૂળથી ઉખેડી નાખે છે.

**માયાથી આત્માની દુર્દશા...**

◈ પુણ્યને વધારવાં વંધ્યા સમાન છે...
◈ સત્યને માટે સૂર્યાસ્તની સંધ્યા છે...
◈ માયાની શરૂઆત થાય તે પહેલાં સત્વ અસ્ત થાય છે પછી ગાઢ અંધકાર વિકસે છે.
◈ દુર્ગતિમાં મોકલનાર છે...
◈ મોહરૂપ ગાઢ અજ્ઞાન અને અવિવેક રૂપ હાથીની શાળા છે.
◈ માયાથી અપયશ પ્રાપ્ત થાય છે...
◈ સેંકડો આપત્તિઓ અપાવનાર છે.
આવી માયાને દૂરથી જ છોડવી જોઈએ..

**લોભથી થતાં નુકશાનો...**

લોભ એ....
◈ મોહરૂપ વિષ વૃક્ષનું મૂળ છે.
◈ સુકૃતરૂપી મસુદ્રને માટે કુંભોદ્વ-અગત્સ ઋષિ સમાન છે...
◈ ક્રોધરૂપી અગ્નિ માટે જંગલમાં લાકડાનું ઘર્ષણ છે...
◈ પ્રતાપરૂપ સૂર્યને ઢાંકી દેવા માટે વાદળ સમાન છે...
◈ કંકાશ-કજીયાનું ક્રીડાઘર છે...
◈ આપત્તિઓ રૂપી નદી માટે સમુદ્ર સમાન...
◈ બધાં ધર્મોરૂપી વનને બાળે છે...
આવા લોભનો પરાભવ કરો...

**સજ્જન પુરુષોનો આચાર...**

◈ તેઓ બીજાના દુષણને બોલતાં નથી...
◈ બીજાના થોડા પણ ગુણોને કહે છે...
◈ સંતોષને ધારણ કરે છે...
◈ બીજાને પીડા ન કરનારી એવી બીજાની ઋદ્ધિમાં પ્રસન્નતા ધારણ કરે છે...
◈ પોતાના વખાણ કરતાં નથી...
◈ ન્યાય માર્ગનો ત્યાગ કરતાં નથી...
◈ ઔચિત્યપણાનું ઉલ્લંઘન નથી કરતાં...
◈ અપ્રિય વ્યક્તિ પર પણ ગુસ્સો નથી કરતાં...

# શોધી લે જીવનનો સાર

## ૧. સંપ ત્યાં જંપ

એક નગરી... પુણ્યવંતા શેઠ...

ધર્મી-ન્યાયી, પરિવારમાં પણ ખૂબ શાંતિ....

એક વખત શેઠને સ્વપ્ન આવ્યું... સ્વપ્નમાં લક્ષ્મીજી આવ્યા, તેમણે શેઠને કહ્યું, 'હું આપના ઘરેથી વિદાય લઉં છું.'... શેઠ તેમને ઘણી રોકાવાની આજીજી કરે છે... પણ લક્ષ્મીજી ના પાડે છે. તે રોકાવા તૈયાર ન થયા...

છેવટે લક્ષ્મી દેવીએ કહ્યું : '' શેઠ મને રોકો નહીં, પણ એક વરદાન માંગી લો...'

શેઠે કહ્યું : ''દેવીજી, મારો પરિવાર સંપીને રહે, સહયોગથી કામ કરે, પુરુષાર્થ કરે, પરાક્રમી બને... આટલું વરદાન આપ આપતાં જાઓ...'

લક્ષ્મીદેવી તો રાજીના રેડ થઇ ગયાં... ત્યાંથી ચાલતાં થયા...

શેઠની પરિસ્થિતિ બદલાઇ ગઇ... પુણ્યનું પાસું ફર્યું.... પાપનો ઉદય આવ્યો, રાયમાંથી રંક બની ગયા... છતાં પણ પરિવારમાં સંપ એવો જ રહ્યો...સહુ સંપીને રહેવા લાગ્યા, એકબીજા પ્રત્યે સદ્ભાવ અકબંધ રહ્યો... દરેક સદ્સ્ય પોતપોતાની રીતે પુરુષાર્થ કરવા લાગી ગયા... પોતાના પરાક્રમથી સાહસથી આગળ વધવા લાગ્યા...

ત્યાં તો થોડાક જ દિવસમાં લક્ષ્મીજી પાછા આવ્યાં...

જ્યાં સદ્ભાવ છે... પ્રેમ છે... સંપ છે... પુરુષાર્થ અને સંયમ છે ત્યાં મારે વિવશ થઇને રહેવું પડે છે... હું હવે ક્યાંય નહીં જાઉં... ત્યાં જ પુણ્યોદય છે...

જે ઘરમાં ઝગડા, કલેશ, કંકાસ છે તે ઘરમાં લક્ષ્મીનો વાસ હોતો નથી... લક્ષ્મીને સ્થિર કરવાં સંપીને સદ્ભાવથી રહેવું જોઇએ...

## ૨. અધુરું જ્ઞાન વધારે હાનિકારક.

એક સંગીતના મહાન વિદ્વાન... તેમની પાસે એક વિદ્યાર્થી સંગીત શીખવા આવ્યો...

સંગીતકારે તેને પૂછ્યું, 'તને કંઇ આવડે છે ?'

પેલાને જે કાંઇ આવડતું હતું તે ગાઇ બતાડ્યું, જે જાણતો હતો તે કહ્યું, ફી બાબત પૂછ્યું કે તમે

સંગીત શીખવવાના કેટલા લેશો ?

વિદ્વાને કહ્યું, 'ત્રણ હજાર રૂપિયા થશે.' પેલા વિદ્યાર્થીએ તેનો સ્વીકાર કર્યો....

થોડા દિવસ રહી બીજો વિદ્યાર્થી આવ્યો... તેને પણ સંગીત શીખવું હતું... એની સાથે પણ પ્રશ્નોત્તરી થઇ, બીજાએ કહ્યું, 'મેં માત્ર વાંચેલું છે અને થોડો ગાવાનો પ્રયત્ન કર્યો છે...

વિદ્વાને કહ્યું, 'બે હજાર રૂા. ફી ના થશે...' બીજાએ તેનો સ્વીકાર કર્યો....

થોડા દિવસ રહી ત્રીજો વિદ્યાર્થી આવ્યો... તેની સાથે પણ ચર્ચા થઇ... તેણે કહ્યું, 'મને કશું જ આવડતું નથી... મને માત્ર સંગીતમાં રસ છે... તેથી આપની પાસે શીખવા અવ્યો છું... ફી..?'

વિદ્વાને કહ્યું, 'એક હજાર રૂપિયા ફી...' તેણે તેનો સ્વીકાર કર્યો...

હવે સંગીત શીખવાની શરૂઆત થઇ.... એકદા ત્રણે વચ્ચે વાત નીકળતાં ફી ની બાબતમાં વાત થઇ...ત્રણેને આશ્ચર્ય થયું... પોતાની સાથે અન્યાય થયો છે એવું લાગ્યું.... તેથી સ્પષ્ટતા કરવા વિદ્વાન પાસે આવ્યા... તેમણે વાત કહી, આવું કેમ ?

વિદ્વાને કહ્યું : 'જુઓ જે ભણેલા હોય છે તે ખોટું ભણીને ખોટું મગજમાંથી કાઢી શકતાં નથી... જેના મગજમાં ખોટી જાણકારી હતી, તેના મગજમાંથી જૂની વસ્તુ કાઢવા મારે વધારે મહેનત કરવી પડે... પણ જે તદ્દન કોરી સ્લેટ છે... જેને કંઇ આવડતું નથી... તેને સરળતાથી સારું શીખવી શકાય છે...' તેથી તેની ફી ૧ હજાર રૂા. રાખી છે...

અધુરું જ્ઞાન એ અજ્ઞાનથી પણ વધારે હાનિકારક છે. કાં તો સંપૂર્ણ જ્ઞાની બનો અથવા સંપૂર્ણ અજ્ઞાની બનીને જ્ઞાની પાસે ભણવા બેસો... એજ જ્ઞાન મેળવવાનો સાચો અને સરળ ઉપાય છે...

## ૩. અંતર વ્યથા

એક ગધેડું... જે પ્રજાપતિના ઘરે મોટું થયું હતું...

તેણે પ્રજાપતિની ખૂબ સેવા કરી... માટી લાવે... તૈયાર ઘડાં બજારમાં વેચવા જાય... ભાર ઉઠાવે... રાત્રે આખા શહેરમાં જ્યાં ત્યાં રખડી પોતાનું પેટ ભરે...છતાં તે પ્રજાપતિની સેવા તો ચાલુ જ...

આમ કરતાં-કરતાં, ભાર વેંઢારતાં અને સેવામાં ગધેડાની જીંદગી પૂરી થવા આવી... હવે તે વૃદ્ધ થયો... નિઃસ્વાર્થ ભાવે સેવા કરતો જ રહ્યો... ખાવાની કંઇ અપેક્ષા ન રાખતો....

પ્રજાપતિ એક દિવસ નવા ગધેડાંનો સોદો કરતો હતો... અને કહ્યું, ''બે દિવસ પછી અમાસ છે... હવે આ ઘરડો થયો... તેને પાંજરાપોળમાં મૂકી આવશું...'' ગધેડાના કાનમાં આ વાત પડી...

માણસની માણસાઇ પર રડવું આવ્યું... એ રાતે જ પ્રજાપતિને ત્યાં ચોર આવ્યા... ગધેડાને લાગ્યું, હું મારી ગધેડાઇ શા માટે ભૂલું ? એ ખૂબ ભૂક્યું... એના ભૂંકવાથી સૂતેલો માલિક જાગી ગયો... ગધેડાને ફટકાર્યો... ફટકારતા ત્યાં ખૂણામાં બેસેલા ચોર પર નજર પડી... તેને પકડી લીધો... તે સમયે પ્રજાપતિની આંખ ખૂલી તેણે વિચાર્યું, 'ગધેડાએ ચોરી થતાં બચાવી' પોતાની ગધેડાસાઇ પર શરમ આવી... અને એને પાંજરાપોળમાં મૂકવાનો વિચાર પડતો મૂક્યો... જનાવર પોતાની વફાદારી નથી છોડતા પણ માણસ માણસાઇ છોડી દે છે...

''ઘરડાં ઘરો અને વૃદ્ધાશ્રમોની વૃદ્ધિ એ દીકરાને મોટાં કર્યાં... અને ભણાવ્યાં -ગણાવ્યાં તેની સજા તો દીકરાં નથી કરતાં ને ?

## ૪. ચાર ઘડાં

અકબર બાદશાહ, રાજ દરબારમાં બેઠાં હતા...

બાદશાહને કોઇ કામકાજ ન હતાં.... કરફયું જેવી શાંતિ લાગેલી હતી... એટલે એમના ફળદ્રુપ ભેજામાં નવાં નવાં પ્રશ્નો આવે... દરબારીઓની કસોટી કરે... એમને રોજ નવાં-નવાં પ્રશ્નો પૂછે!

બાદશાહે પ્રશ્ન પૂછ્યો : 'એક ઘડામાંથી ચાર ઘડાં ભરી શકાય છે પણ ચાર ઘડાં એક ઘડાને ન ભરી શકે...'' આ ઉક્તિને સાચી રીતે સમજાવો...

દરબારીઓ મૂંઝાયાં... કેટલાકને તો પરસેવો વળી ગયો... કેટલાંકના હાથ-પગ ઢીલા થઇ ગયા.... આવો વિચિત્ર પ્રશ્ન આવ્યો અને બીરબલ પણ 'સી એલ' પર હતો. હવે કરવું શું ? શોર્ટ નોટિસનાં પ્રશ્નમાં મુદ્દત નંખાય એમ પણ ન હતું...

ત્યાં બીરબલ એક વૃદ્ધને લઇને હાજર...

સૌ પ્રથમ બાદશાહે એ જ પ્રશ્ન પૂછ્યો... બીરબલે જવાબ આપ્યો, ''આ વૃદ્ધ''! આ વૃદ્ધે ચાર પુત્રોને ઉછીરીને મોટાં કર્યા, પણ ચાર પુત્રોથી એક પિતાનું ભરણપોષણ થતું નથી. વૃદ્ધે ચાર ઘડા ભર્યા પણ ચાર ઘડાથી એક ઘડો ભરાતો નથી...

બાદશાહને જવાબ સંતોષકારક મળ્યો વૃદ્ધને વર્ષાસન મળી ગયું...

## ૫. તૃષ્ણા

એક સમ્રાટ... તેના દ્વાર પર ભિક્ષુક આવ્યો...

સમ્રાટે પૂછયું કે શું જોઇએ છે ? ભિક્ષુક કહે, 'મારે બીજું કશું જોઇતું નથી પણ મારું આ પાત્ર સાવ નાનું છે તે ભરી આપો.'

સમ્રાટે વિચાર્યું કે આ તો સાવ નાનું પાત્ર છે તેને અન્નથી શું ભરવાનું ? એણે રાજભંડારીને આજ્ઞા કરી આ ભિક્ષુકનું પાત્ર સુવર્ણ મુદ્રાથી ભરી નાખો...

ખોબે ખોબા સુવર્ણ મુદ્રાઓ ઠલવવામાં આવી પણ પાત્ર ભરાતું જ નથી... સમ્રાટનો ખજાનો ખાલી થઇ ગયો...

સમ્રાટે પૂછ્યું, 'શી વાત છે ? ભિક્ષુકે કહ્યું, 'આ પાત્ર માનવીની ખોપડીમાંથી બનાવવામાં આવ્યું છે. તે કદી ભરાય ખરું ?'

''તેને તૃપ્તિ ક્યારેય થતી નથી... તૃષ્ણાનો અંત ક્યારેય આવતો નથી... સમજીને એમાંથી પાછા વળશું તો કાર્ય થશે.''

## ૬.વાતની રજૂઆત :

એક અંધજન...

રસ્તા પર બેસી ભીખ માંગી રહ્યો હતો... ત્યાં બાજુમાં એક બોર્ડ હતું, તેના ઉપર લખ્યું હતું, ''હું આંધળો છું, મને મદદ કરો''

બપોરનો સમય હતો. તેના વાટકામાં થોડાંક સિક્કા હતા.... તે વખતે ત્યાંથી એક લેખક પસાર થઇ રહ્યા હતાં. તેમની નજર એ બોર્ડ પર પડી... તેમણે એ લખાણ ભૂંસીને બીજું લખાણ લખી નાખ્યું. અને થોડાં સિક્કાં નાંખી ચાલવા માંડ્યો...

સાંજ સુધી તો ભિખારીનું પાત્ર સિક્કાઓથી ભરાઇ ગયું હતું ! પેલો લેખક સાંજે પાછો ફર્યો... ત્યારે ભિખારીએ તેમનાં પગલાંના અવાજથી તેમને ઓળખી કાઢ્યો... અને પૂછ્યું, 'તમે બોર્ડ પર એવું તે શું લખ્યું કે આજે આટલા બધાં સિક્કા મળ્યાં ?

ત્યારે લખકે કહ્યું, 'કંઇ નહીં પણ મેં તમારી વાતને જરા બીજી રીતે રજુ કરેલી.

મેં લખેલું, ''આજથી વસંત શરૂ થઇ ગઇ છે, પણ હું જોઇ શકતો નથી !''

વાત રજૂઆત કરવાની રીત પણ કેટલી મહત્વની છે ?

કહેવાનો ભાવાર્થ એક જ હોય પરંતુ કહેવાની... વાત માંડવાની પણ એક રીત હોય કળા હોય છે... એકની વાતથી સભા ખુશ થયા... બીજાની વાતથી સભા ખીજી જાય-રોષ પામી જાય...

બાપ જેવો બેટો છે...

બાપની જેમ દિકરો પણ દારૂડીયો છે...

વાત માંડતા આવડી જાય તો કાર્યસિદ્ધિ થાય... વાત માંડવામાં ગડબડ થાય તો કાર્ય રખડી પડે... સમજીને શીખી લઇએ....

# CHILDREN'S CORNER

## *Five senses and Influx*

There is influx from all around.

Why do you not stop this inflix ?

How this influx is blocked ?

Always remember-

"When the five senses are awake the soul sleeps and when these five senses sleeps, soul is awake.

Through these five senses only the karmic particles are ingested and though these five senses only the ingestion is blocked.

The subjects like words etc. of the five senses like hearing etc. are pleasant or unpleasant. One should not be attracted to the pleasant ones and should not be averse towards the unpleasant.

His influx is blocked, who is alert and unverolting.

One who restrains one's senses and is seer of Hruth alone is Brahmin. such Brahmin must constantly grow the crop of divinity For him -

Soul is the field... penance is the seed...

Austerity is the plough... Meditation is the sharp end of the blade... and restraint is the latent energy of the seed.

Modest, tolerance is his car... compossion and self control is rein...

Equanimity is yoke for the bullocks... Imperturbality is harness rod... patience is the steadfast harness and devoted to the gospel of the enlightened.

peace and charity ore bullocks.

Such a Brahmin surmounts his five senses  and raises the divine crop.

These reinless senses georate the world for the in dividual. One restrained, these very senses serve as tools for deliverance.

Unrestrained senses drive the soul along downward infernal trends as the wild stalions drag the chariot off the highway to wilderness.

Regulated senses are prone to move towards the creditable path like trained steeds that always stick to the highway.

Initially mind should be conguered. Then one should ride and command the elephant of wisdom like on armed warrior. One should vigi lantly drive senses off the object of passion.

One who succeeds in conquering the mind and the passions and dose penonces, shines refulgent like the flame of on altar with rich offerings.

One vigilantly engaged in righteous vision and conduct patienfly and with ous temper or passions, is worshiped even by gods.

Indifferent to all material objects, a restrained aspirant keeps hold over his senses and is shorn of all woes. He frees himself of all karmas and ultimately attains the summan bonum.

**Find the hidden names of Samayik upakarn**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| s | t | h | a | p | n | a | j | i | t |
| m | k | a | t | a | s | a | n | o | a |
| a | y | r | s | f | i | c | l | l | k |
| l | a | a | v | d | s | a | a | a | a |
| s | p | m | a | h | w | m | t | p | t |
| u | e | h | o | r | p | s | o | a | a |
| o | g | e | a | t | u | b | v | s | u |
| m | u | h | a | p | a | t | t | i | a |
| n | c | o | o | k | v | m | e | r | n |

**(1) Katasano (2) Charwalo (3) Muhapatti (4) Sapalo (5) Pustak (6) Mala (7) Ghadi (8) Sthapnaji**

# જ્ઞાન સુધારસ પીજે...

પ્રશ્ન ૮૫ -સમકિત સડસઠીના સાતમા અધિકારમાં શું છે?

ઉ. - સાતમાં અધિકારમાં ભૂષણ છે.

પ્રશ્ન ૮૬ - ભૂષણ એટલાં છે?

ઉ. - ભૂષણ પાંચ છે.

પ્રશ્ન ૮૭ - પહેલું ભૂષણ કયું છે?

ઉ. - પહેલું ભૂષણ કુશળપણું છે.

પ્રશ્ન ૮૮ - પહેલા ભૂષણમાં શેનો સમાવેશ થાય છે?

ઉ.- તેમાં વંદન અને પચ્ચક્ખાણનો સમાવેશ થાય છે.. તથા સમકિત ગુણને શોભાવનારી ઘણી ક્રિયાઓ કરવાની છે. ધર્મક્રિયા, અનુષ્ઠાનોમાં કુશળપણું હોય.

પ્રશ્ન ૮૯ - બીજું ભૂષણ કયું છે?

ઉ.- બીજુ ભૂષણ તીર્થ સેવના છે.

પ્રશ્ન ૯૦ - તીર્થ સેવના એટલે શું?

ઉ.- સંસારથી તારે તે તીર્થ.. અહીં તીર્થ એટલે જિન શાસનની વાત ચલાવનાર જ્ઞાની અને અનુભવી ગીતાર્થ મુનિવરો... તેની સાથે નિરંતર સંબંધ રાખવા, પરિચય કરવો, તેમનો આશ્રય લેવો... તથા શત્રુંજય વિગેરે સ્થાવર તીર્થની સેવા-ભક્તિ કરવી તે પણ તીર્થ સેવના છે...

પ્રશ્ન ૯૧ - ત્રીજું ભૂષણ ક્યું છે?

ઉ.- ત્રીજું ભૂષણ દેવ-ગુરુની ભક્તિ કરવી એ છે.

પ્રશ્ન ૯૨ - ચોથું ભૂષણ ક્યું છે?

ઉ.- ચોથું ભૂષણ દઢધર્મ છે.

પ્રશ્ન ૯૩ - દઢધર્મ એટલે શું?

ઉ.- જૈન ધર્મથી ચલિત ન થાય, બીજા ધર્મવાળાઓના પ્રભાવ, લિકપ્રિયતા વગેરેથી દોરવાઈ ન જાય. તે દઢધર્મ કહેવાય.

પ્રશ્ન ૯૪ - પાંચમું ભૂષણ ક્યું છે?

ઉ.- પાંચમું ભૂષણ શાસનની પ્રભાવના કરવી તે છે..

પ્રશ્ન ૯૫ - શાસન પ્રભાવના એટલે શું?

ઉ.- બીજા ધર્મવાળા જૈન શાસનની પ્રશંસા કરે તેવી વિવિધ ક્રિયાઓ સામૈયા, મહાપૂજા, રથયાત્રા, સાધર્મિક ભક્તિ, અનુકંપા, દાન, જિનભક્તિ તપ ભક્તિના મહોત્સવો વિગેરે ખૂબ આડંબર પૂર્વક કરે તે શાસન પ્રભાવના છે...

પ્રશ્ન ૯૬ - આઠમાં અધિકારમાં શું છે?

ઉ.- આઠમાં અધિકારમાં લક્ષણો છે.

પ્રશ્ન ૯૭ - સમકિતના લક્ષણો કેટલાં છે?

ઉ.- સમકિતના લક્ષણો પાંચ છે.

પ્રશ્ન ૯૮ - લક્ષણ એટલે શું?

ઉ.- સમકિત હોવાની પાંચ નિશાની છે તે લક્ષણ કહેવાય છે.

પ્રશ્ન ૯૯ - પહેલું લક્ષણ કયું છે?

ઉ. - પહેલું લક્ષણ ઉપશમ છે.

પ્રશ્ન ૧૦૦ - ઉપશમ એટલે શું?

ઉ. ઉપશમ એટલે શાંતિ, આત્મા શાંત-ચિત્તવાળું થઈ જાય પોતાના અપરાધ કરનારનું મનથી પણ ખરાબ ન કરવાનું મન થાય. તે ઉપશમ છે. શાસનનું અહિત કરે, તેનું પણ બુરૂ ન ચિંતવે, તેની ઉપર કરુણા ભાવ રાખે, શાસનની રક્ષા કરે.

પ્રશ્ન ૧૦૧ - બીજું લક્ષણ ક્યું છે?

ઉ.- બીજુ લક્ષણ સંવેગ છે.

પ્રશ્ન ૧૦૨ - સંવેગ એટલે શું?

ઉ.- સંસારને દુઃખ રૂપ માને તે સંવેગ છે. દેવલોક અને મનુષ્યના ભોગ સુખોને જે દુઃખમય માને, મોક્ષની જ ઇચ્છા રાખે, એવા ઉત્તમ પ્રકારના વૈરાગ્યમાં દઢ હોય તે સંવેગ કહેવાય.

પ્રશ્ન ૧૦૩-ત્રીજું લક્ષણ કયું છે?

ઉ.- ત્રીજું લક્ષણ નિર્વેદ છે.

પ્રશ્ન ૧૦૪- નિર્વેદ એટલે શું?

ઉ.- માત્ર ધર્મને તારક જાણી સંસારના છેદન, ભેદન, તાડન, તર્જન, બંધન, વિયોગ, જન્મ, જરા, મરણ આદિ પીડાઓથી, સંસારથી ભાગી છૂટવાનું મન થાય તે નિર્વેદ છે.

પ્રશ્ન ૧૦૫- ચોથું લક્ષણ કયું છે?

ઉ.- ચોથું લક્ષણ અનુકંપા છે.

પ્રશ્ન ૧૦૬ - અનુકંપા એટલે શું?

ઉ.- દીન-દુઃખીયાને જોઇને દુઃખ ઉત્પન્ન થાય, તેના દુઃખને દૂર કરવા અથાગ પ્રયત્ન કરે, ભાવથી જીવોના ધર્મરહિત પણાની દયા આવે તે અનુકંપા છે.

પ્રશ્ન ૧૦૭-પાંચમું લક્ષણ કયું છે?

ઉ.- પાંચમું લક્ષણ આસ્તિકતા છે.

પ્રશ્ન ૧૦૮ - આસ્તિકતા એટલે શું?

ઉ.- જિનેશ્વર પ્રભુએ જે ઉપદેશ્યું છે તે જ સાચું છે વીતરાગ પ્રભુ ઉપર એવો દઢ વિશ્વાસ તે જ આસ્તિકતા છે.

પ્રશ્ન ૧૦૯- સમકિત સડસઠીના નવમાં અધિકારમાં શું છે?

ઉ.- નવમાં અધિકારમાં જયણાની વાત કરી છે.

પ્રશ્ન ૧૧૦- જયણાનો અહીં અર્થ શું થાય?

ઉ.- અહીં જયણા એટલે સમકિતને જાળવતાં રાખવી પડતી સાવધાની.

પ્રશ્ન ૧૧૧ - જયણા કેટલા પ્રકારે છે?

ઉ.- જયણાં ૬ પ્રકારે છે.

પ્રશ્ન ૧૧૨ - પહેલી જયણા કઇ છે?

ઉ.- હાથ જોડીને વંદન ન કરવું તે પહેલી જયણાં છે.

પ્રશ્ન ૧૧૩- વંદન એટલે શું?

ઉ. - હાથ જોડીને કરાતો નમસ્કાર તે વંદન છે.

પ્રશ્ન ૧૧૪- પહેલી જયણામાં વંદન કોને ન કરવું?

ઉ.- પરધર્મીઓને, તેમના દેવોને, તથા તેમણે સ્વીકારેલી જૈન પ્રતિમાઓને વંદન ન કરવું. જેવી રીતે તિરૂપતી બાલાજીના ભગવાન પહેલા પાર્શ્વનાથ ભગવાન તરીકે પૂજાતા હતા. પણ હમણાં જૈનોના ભગવાન તરીકે ન હોવાથી તેમને પૂજવાથી સમકિત મલિન થાય છે...

પ્રશ્ન ૧૧૫- બીજી જયણા કઇ છે?

ઉ.- મસ્તક નમાવીને થતું નમન ન કરવું તે બીજી જયણા છે.

પ્રશ્ન ૧૧૬- ત્રીજી જયણા કઇ છે?

ઉ.- ગૌરવ - ભક્તિપૂર્વક અન્તાદિકનું દાન ન કરવું તે ત્રીજી જયણા છે.

પ્રશ્ન ૧૧૭- ચોથી જયતા કઇ છે?

ઉ.- વારંવાર દાન, અનુપ્રદાન ન કરવું તે ચોથી જયણા છે.

પ્રશ્ન ૧૧૮- પાંચમી જયણા કઇ છે?

ઉ.- બોલાવ્યા વિના બોલવું તેનું નામ 'આલાપ' છે તે પાંચમી જયણા છે.

પ્રશ્ન ૧૧૯- છઠ્ઠી જયણા કઇ છે?


ઉ.- છઠ્ઠી જયણા સંલાપ છે.

પ્રશ્ન ૧૨૦- સંલાપ એટલે શું?

ઉ.- વારંવાર આલાપ કરવો તેનું નામ સંલાપ છે.

પ્રશ્ન ૧૨૧- સમકિત કેવી રીતે દીપે છે?

ઉ.- કારણ પ્રસંગે જયણાઓમાં પણ જયણા રાખવાની હોય છે તે જયણાઓ સાચવવાથી સમકીત દિપે છે. અને વ્યવહાર પણ દીપે છે.



# ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૩૧)

જૈન દર્શનના સામાન્ય જ્ઞાનથી આધારીત પ્રશ્નો બે વિભાગમાં **''ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા''** અંતર્ગત મૂકવામાં આવ્યા છે. પ્રશ્નો બરાબર વાંચીને મોડામાં મોડા **૧૫ ઓક્ટોબર-૨૫** સુધી નીચેના સરનામે મોકલવાના રહેશે. પ્રથમ ત્રણ વિજેતાને **રૂા. ૫૦૦, રૂા. ૩૦૦** અને **રૂા. ૨૦૦** ના ઇનામો મોકલવામાં આવશે. તથા **બધા સ્પર્ધકોના નામ આગામી અંકમાં છાપવામાં આવશે.** નીચેના સરનામે સ્પર્ધાના જવાબો મોકલાવશો.

**'' ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા -(૧૩૦) ''**

shilpaajani1@gmail.com પર ઇ-મેઇલ કરો. **અથવા**

whatsapp Mo. 98211 13338

ઇ-મેઇલ થી મોકલાવેલ ઉત્તરપત્રો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવા હોવા જરૂરી છે. સ્કેન કરી પણ મોકલી શકાશે. આપનું નામ, સરનામું તથા કોન્ટેક્ટ નં. અવશ્ય લખશો...


## ''ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૩૧)''


**I એક શબ્દમાં જવાબ લખો : -**


**૧. બીજા ઉદયના છેલ્લા યુગપ્રધાન કોણ થયાં ?**
**૨. એક હજાર આઠ સાથીદારો સાથે કોણે દીક્ષા લીધી ?**
**૩. દીક્ષા લઇને ચોરીની પરંપરા કોણે બંધ કરી ?**
**૪. પાંચસો શિષ્ય કેટલા ગણધરોને હતાં ?**
**૫. ભવિષ્યમાં સિદ્ધિપદ પામનારને શું કહેવાય ?**
**૬. માયા કરીને સંસાર કોણે વધાર્યો ?**
**૭. કયા કેવળીના પતિ-પત્ની રૂપે બે ભવ થયા ?**
**૮. ગૌતમ દ્વીપ કયા સમુદ્રમાં છે ?**
**૯. કયા બે ભાઈ મરીને મોક્ષમાં ગયા ?**
**૧૦. કોણિકનો પૂર્વભવ કયો હતો ?**
**૧૧. માયા કરીને ૮૦ ચોવીશીનો સંસાર કોણે વધાર્યો ?**
**૧૨. જંબુસ્વામીના નિર્વાણ પછી દસ વસ્તુનો વિચ્છેદ થયો તે ક્યાં ગ્રંથમાં છે ?**
**૧૩. ગુરુ મૂર્તિની સ્થાપના તે કેવા પ્રકારની સ્થાપના કહેવાય છે ?**

૧૪. પ્રભુ મહાવીરનો છદ્મસ્થ પર્યાય કેટલો ?
૧૫. ખાનદાન કુળની દેવી કયા નામથી ઓળખાય છે ?
૧૬. દશાર્ણભદ્રરાજાને પ્રતિબોધવા ઈન્દ્ર મહારાજાએ કેટલા કમળ અને રૂપ વિકુર્વ્યા ?
૧૭. પાંચમા અંગ ભગવતી સૂત્રની ચૂલિકા કયા નામે પ્રસિદ્ધ છે ?
૧૮. ભ્રાજિલ શ્રાવકના નામથી કયા રાજાએ શહેર વસાવ્યું ?
૧૯. જેણે સંયમ લઈને ત્યાગી દિધું એની પાસેથી ગોચરી લેતા સાધુને કયો દોષ લાગે ?
૨૦. ગાંગેય અણગાર કયા સિદ્ધ કહેવાય ?

II (A) ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા - ૧૩૧ આગમમાં આવતાં વાજીંત્રના નામ લખો








# ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૩૦)


*(ગતાંકના સાચા જવાબ)*


I (૧) શ્રેણિક રાજા (૨) સતી દમયંતી (૩) ૯ થી ૧૨ કવળ (૪) ચાંદીનો (૫) સુવિધિાથ (૬)૨૦૦૦ (૭) લવ-કુશ (૮) વસ્તુપાલ-તેજપાલ (૯) કુલપાકજી-ઋભભદેવ (૧૦) ૧૮ (૧૧) રાવણ અને લક્ષ્મણ (૧૨) ભોરોલીતીર્થ (૧૩) શત્રુંજય (૧૪) શાસન પ્રભાવના (૧૫)દર્શનાચાર (૧૬) વાસક્ષેપ પૂજા (૧૭) ૮૦ (૧૮) મેઘકુમાર (૧૯) કનખલ (૨૦) અપ્પમજિય દુપ્પમજિય સિજ્જાસંથારે.

II (**B**)



# ઉત્તમજ્ઞાનાનંદ સ્પર્ધા (૧૩૦)માં નીચેના ભાગ્યશાળીઓએ ભાગ લીધેલ

*(૧) શ્રીમતી મધુરી કિશોર ડાઘા - કોઈમ્બતુર*
*(૨) શ્રીમતી ઉર્મી ઉદય ધરમશી - યવતમાલ*
*(૩) શ્રીમતી કૌશલ્યા વિજય મોમાયા -બીજાપુર*
*(૪) શ્રીમતી નયના નરેન્દ્ર લાલકા - નવી મુંબઈ*
*(૫) શ્રીમતી ગીતા દિલીપ છેડા - મુલુન્ડ*
*(૬) શ્રીમતી મૃદુલા ડીનેશ દંડ - મુલુન્ડ*
*(૭) શ્રીમતી જ્યોતિ શાહ - ગોરેગાંવ*

**પ્રથમ વિજેતા**

**શ્રીમતી ગીતા ડી. છેડા**

D/4, 304, Shreyans Appt.,
Sarvoday Parasnath Nagar
Jain Mandir Road, Mulund (w)
Mumbai - 4000 080

**દ્વિતીય વિજેતા**

**શ્રીમતી જ્યોતિ શાહ**

4404 / DBWOODS,
B tower, Krishna Vatica Mars,
Gokul dham, Goregaon (E)
Mumbai - 400 063.

**તૃતિય વિજેતા**

**શ્રીમતી મધુરી કિશોર ડાઘા**

3/4 Kasturi, Rams Nagar,
P N Pudur,
B/h. Bi Metal Bearing,
Coimbatore - 641 041
Tamil Nadu